રાજકોર મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 248 | Dt. 19-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

લાંચિયાઓ સામે કેસ ચલાવો, મંજૂરી જરૂરી નહીં : સુપ્રીમ

લાંચ માંગવી એ ગુનાહિત કૃત્ય, તેને સરકારી ફરજ ગણી શકાય નહીં : સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય





નવી દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટે લાંચ લેતા ઝડપાયેલા સરકારી અધિકારીઓ સામે સખત નિર્ણય સંભળાવ્યો છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદાના કેસમાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે, લાંચ માંગનાર જાહેર સેવક સામે કાર્યવાહી કરવા ઉપરી અધિકારીઓની પૂર્વ મંજૂરી જરૂરી નથી. રાજસ્થાનના એક કોન્સ્ટેબલના રૂ. ૧.૫ લાખની લાંચના કેસમાં કોર્ટે આ ચુકાદો આપ્યો, જેમાં જસ્ટિસ અંજારિયાએ નોંધ્યું કે લાંચ માંગવી એ ગુનાહિત કૃત્ય છે અને તેને સરકારી ફરજ ગણી શકાય નહીં.

લાંચખોર સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય સંભળાવ્યો છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદા (Prevention of Corruption Act) સાથે જોડાયેલા એક કેસની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ જાહેર સેવક (સરકારી કર્મચારી) લાંચ માંગતા ઝડપાય છે, તો તેની સામે કાનૂની કાર્યવાહી કે કેસ ચલાવવા માટે ઉપરી અધિકારીઓ પાસેથી પૂર્વ મંજૂરી (સંક્શન) લેવાનું સુરક્ષા કવચ મળશે નહીં. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂની સંરક્ષણ માત્ર એટલા માટે આપવામાં આવ્યું છે જેથી અધિકારીઓ પોતાની ફરજ નિભાવતી વખતે પ્રામાણિકતાથી લીધેલા નિર્ણયો માટે અણહક મિશ્રા કે હેરાનગતિનો ભોગ ન બને.

જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટી અને જસ્ટિસ એન.વી. અંજારિયાની પીઠે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭અની વ્યાખ્યા કરતા આ ચુકાદો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કલમ વર્ષ ૨૦૧૮માં કાયદામાં ઉમેરવામાં આવી હતી, જેના નિયમ મુજબ કોઈપણ સરકારી કર્મચારી સામે સત્તાવાર મંજૂરી વગર પૂછપરછ કે તપાસ કરી શકાતી નહોતી.

આ સમગ્ર મામલો રાજસ્થાન પોલીસના એક કોન્સ્ટેબલ સાથે જોડાયેલો છે, જેના પર રૂ. ૧.૫ લાખની લાંચ માંગવાનો આરોપ હતો. તેણે પોતાની સામે નોંધાયેલી FIR અને ચાર્જશીટને રદ કરવા માટે અપીલ કરી હતી. રાજસ્થાનના એડિશનલ એડવોકેટ જનરલ સંસ્કૃતિ પાઠકની દલીલો સ્વીકારીને પીઠે આ અપીલ ફગાવી દીધી હતી. કોર્ટે અવલોકન કર્યું કે કલમ ૧૭અનું સુરક્ષા કવચ તમામ સરકારી સેવકો પર અંધાધૂંધ કે ભેદભાવ વગર લાગુ કરી શકાય નહીં. ચુકાદો લખતાં જસ્ટિસ અંજારિયાએ નોંધ્યું કે લાંચની માંગણી કરવી એ સંપૂર્ણપણે ગુનાહિત કૃત્ય છે. આ કૃત્યને સરકારી ફરજો, કોઈ ભલામણ કે લીધેલા નિર્ણય સાથે કોઈ સંબંધ નથી. તેથી, આ કેસમાં કલમ ૧૭અ હેઠળનું રક્ષણ મેળવી શકાય નહીં અને પૂર્વ મંજૂરી ન હોવાના કારણે સમગ્ર કાર્યવાહી રદબાતલ ગણાય નહીં.

તાજિકિસ્તાનમાં SCOની આજે ૨૫મી બેઠક હાજર રહેશે રાજનાથ સિંહ

SCOમાં સંરક્ષણ મંત્રી કરશે દેશનું પ્રતિનિધિત્વ

નવી દિલ્હી, તા.૧૮

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, આજે ૧૯મીએ રોજ યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ ની ૨૫મી બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા દુશાંબે, તાજિકિસ્તાનની મુલાકાત લેશે.બેઠક SCO સભ્ય દેશો વચ્ચે બહુપક્ષીય સહયોગને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

માહિતી અનુસાર, આ બેઠકમાં ખાસ કરીને વેપાર, અર્થતંત્ર, રોકાણ, કનેક્ટિવિટી, નવીનતા અને સાંસ્કૃતિક-માનવતાવાદી આપ-લેના ક્ષેત્રોમાં, તે ચાલુ સહયોગ પહેલોની પ્રગતિની સમીક્ષા કરશે અને સંસ્થાની નાણાકીય અને સંસ્થાકીય કામગીરીને લગતા નિર્ણયો પર વિચારણા કરશે તેવી પણ અપેક્ષા છે.

ભારત વિવિધ જઈઘ મિકેનિઝમ્સમાં સક્રિયપણે જોડાયેલું રહે છે અને સ્ટાર્ટ-અપ્સ અને નવીનતા, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોકો-થી-લોકોના સંપર્ક જેવા ક્ષેત્રોમાં પહેલો દ્વારા પ્રાદેશિક સહયોગમાં યોગદાન આપવાનું ચાલુ રાખે છે. આ બેઠક ભારતને સંસ્થાની અંદર વ્યવહારુ અને પરસ્પર લાભદાયી સહયોગને આગળ વધારવા અંગે અન્ય SCO સભ્ય દેશો સાથે વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે. અગાઉની CHG બેઠક નવેમ્બર ૧૮, ૨૦૨૫ના રોજ મોસ્કો, રશિયા ખાતે યોજાઈ હતી, જ્યાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કર્યું હતું.

ટાઈગર શ્રોફ પર ફાયરિંગ

લોરેન્સ બિશ્નોઇ ગેંગે સોશિયલ મીડિયા પર લીધી જવાબદારી, ટાઈગરનો બચાવ, ડ્રાઈવર ઘાયલ



મુંબઈ, તા.૧૮

બોલિવૂડ જગતમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે જેમાં રવિવારની સાંજે મુંબઈના જુહુ સ્થિત પુષ્પા પાર્ક નજીક પ્રખ્યાત અભિનેતા ટાઇગર શ્રોફ પર બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. સદનસીબે આ હુમલામાં ટાઇગર શ્રોફનો આબાદ બચાવ થયો છે અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે, જોકે પ્રાથમિક વિગતો અનુસાર આ ફાયરિંગમાં તેમના ડ્રાઇવરને ઇજા થઇ હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર લોરેન્સ બિશ્નોઇ ગેંગના સભ્યો એવા વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર અનિલ પંડિત અને હરમન સંધુના નામથી આ હુમલાની જવાબદારી સ્વીકારતી એક પોસ્ટ વાયરલ થઈ છે. આ ધમકીભરી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અગાઉ પણ ટાઇગર શ્રોફને ફોન પર ધમકી આપવામાં આવી હતી અને મુંબઈ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જે કોઈ તેમની વાત નહીં માને કે સલમાન ખાન સાથે કામ કરશે, તેણે પરિણામ ભોગવવું પડશે.

ઝોન-૧ પશ્ચિમ ક્ષેત્રના ડીસીપી મોહિત ગર્ગે તેમજ દિગ્ગજ અભિનેતા જેકી શ્રોફની ટીમ તરફથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ટાઇગર શ્રોફ તદ્દન સ્વસ્થ અને સુરક્ષિત છે. ઘટનાની જાણ થતાં જ મુંબઈ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને સીલ કરીને હુમલાખોરોને શોધવા આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી હાથ ધરી છે. ફાયરિંગની આ ગંભીર ઘટના બાદ મુંબઈ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મામલાની ઊંડાણપૂર્વક તપાસ તેમજ ગુનેગારોને ઝડપી પાડવા માટે ૧૨ જેટલી વિશેષ ટીમો બનાવી છે અને તમામ ટેક્નિકલ તથા ભૌતિક પુરાવાઓ એકત્ર કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

પંજાબના સંગરૂરમાં અકસ્માત, પૂરપાટ ઝડપે આવેલી કારે સર્જ્યો અકસ્માત
લહેરાગાગા-જાખલ રોડ પર કામ કરી રહેલા ૨૩ જેટલા મજૂરો પર કાર ફરી વળી : અન્યો ગંભીર

મનરેગાના ૮ શ્રમિકો કચડાયા



નવી દિલ્હી, તા.૧૮

પંજાબના સંગરૂર જિલ્લામાં રવિવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સંગરૂર જિલ્લાના લહેરાગાગા-જાખલ માર્ગ પર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રસ્તાનું કામ ચાલી રહ્યું હતું. અકસ્માત સમયે લગભગ ૨૩ મજૂરો ત્યાં કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક પૂરપાટ ઝડપે આવેલી એક કારે રસ્તા પર કામ કરતા મજૂરોને જોરદાર ટક્કર મારી હતી. કારની અડફેટે અનેક મજૂરો આવી જતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. મજૂરો પોતાના કામમાં વ્યસ્ત હતા ત્યારે અચાનક સર્જાયેલા અકસ્માતને કારણે ઘટનાસ્થળે ચીસાચીસ અને ભારે દોડધામ મચી ગઈ હતી.

બનાવને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ, સ્થાનિક લોકોએ પોલીસ અને એમ્બ્યુલન્સની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. અકસ્માતમાં ૮ મજૂરોનાં મોત થયાની પ્રાથમિક માહિતી સામે આવી છે જ્યારે અનેક મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં મજૂરો અકસ્માતનો ભોગ બનતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને ગંભીર ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તે માટે સ્થાનિક સ્તરે બચાવ કામગીરી શરૂ કરી હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ પોલીસ પ્રશાસન અને એમ્બ્યુલન્સ વ્યવસ્થાની કામગીરી અંગે સવાલો ઉઠાવ્યા છે. આ દુર્ઘટનાએ રસ્તા પર કામ કરતા શ્રમિકોની સુરક્ષા અંગે પણ ગંભીર ચિંતા ઊભી કરી છે. જોકે મૃતકોની ઓળખ તેમજ ઈજાગ્રસ્તોની અને મૃતકોની ચોક્કસ સંખ્યા અંગે સત્તાવાર પુષ્ટિ થવાની હજુ બાકી છે.

ભારતમાં બાંગ્લાદેશ–ફ્રાંસ જેવી હિંસાનો પ્રયાસ : રિજિજુ

'ભારતમાં સત્તા પરિવર્તન માત્ર અને માત્ર ચૂંટણીથી જ શક્ય' : વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણના વાયરલ વીડિયો પર કિરણ રિજિજુનો આકરો શાબ્દિક પ્રહાર

નવી દિલ્હી, તા.૧૮

ખાતે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ રવિવારે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને લઈને વિપક્ષ પર અત્યંત ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં દાવો કર્યો છે કે હાલમાં ભારતમાં પણ બાંગ્લાદેશ અને ફ્રાન્સ જેવા દેશોમાં જે રીતે અશાંતિ અને હિંસા ફેલાવવામાં આવી હતી બરાબર તેવો જ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રિજિજુના જણાવ્યા અનુસાર કેટલાક ભારત વિરોધી જૂથો અને વિપક્ષી નેતાઓ ભેગા મળીને દેશના યુવાનોને ગેરમાર્ગે દોરીને ઉશ્કેરવા તથા રસ્તાઓ પર ઉતરીને વ્યાપક હિંસા ભડકાવવા માટે એક મોટું કાવતરું ઘડી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કરવામાં આવેલી એક વિસ્તૃત પોસ્ટમાં કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં તાજેતરમાં થયેલી ભયાનક હિંસા અને ફ્રાન્સમાં થયેલા મોટા તોફાનો, આગચંપી તથા લૂંટફાટ જેવી અરાજકતા ભરેલી સ્થિતિ ભારતમાં પણ સર્જવાની ગુપ્ત યોજના બનાવવામાં આવી રહી હોવાનો તેમનો સીધો આરોપ છે. તેમણે આકરા પ્રહારો કરતા વધુમાં એમ પણ કહ્યું હતું કે આ પ્રકારનું દેશ વિરોધી કાવતરું ઘડનારા લોકો કદાચ એ વાત ભૂલી ગયા છે કે ભારત દેશ ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ છે કે જ્યાં તેઓ પોતાની મનમાની કરી શકે.

ભારતમાં સત્તા પરિવર્તન ચોક્કસ શક્ય છે પરંતુ તે લોકશાહી ઢબે માત્ર ચૂંટણી દ્વારા જ થઈ શકે છે. જ્યોર્જ સોરોસ જેવા વિદેશી લોકોના માધ્યમથી કે તેમના ઈશારે કોઈ પણ પ્રકારનું સત્તા પરિવર્તન ભારતમાં લાવી શકાય નહીં. કિરણ રિજિજુએ પોતાની આ સોશિયલ મીડિયા પોસ્ટની સાથે ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિયેશનનાં પ્રમુખ નેહા બોરા અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણનો એક વીડિયો પણ શેર કર્યો હતો. આ વાયરલ વીડિયોમાં બંને જણા દ્વારા સરકાર બદલવાની વાત કરવામાં આવી હોવાનો કેન્દ્રીય મંત્રી દ્વારા સ્પષ્ટ દાવો કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર



જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયામાં કથિત રીતે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાના વિરોધમાં મોટા પાયે પ્રદર્શન યોજવામાં આવ્યાં હતાં. આ પ્રદર્શનો દરમિયાન વિવિધ વિપક્ષી નેતાઓ અને વિદ્યાર્થી સંગઠનના કાર્યકરોએ વર્તમાન સરકારને બદલી નાખવાની ખુલ્લેઆમ વાત કરતાં એક મોટો રાજકીય વિવાદ વકર્યો હતો.

સરકાર બદલવાની માગ કરવી કોઈ ગુનો નથી

આ સમગ્ર વિવાદ અને આક્ષેપો મામલે અગાઉ વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે સરકારના એ તમામ આરોપોને સદંતર ફગાવી દીધા હતા કે આ આંદોલન માત્ર વિપક્ષના નેતૃત્વમાં સત્તા પરિવર્તન લાવવાના બદઇરાદાથી ચલાવવામાં આવી રહ્યું છે. ભૂષણે પોતાના બચાવમાં સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે સરકાર વારંવાર આ લોકતાંત્રિક આંદોલનને વિપક્ષના સત્તા પરિવર્તન અભિયાન તરીકે રજૂ કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે જ્યારે ખરેખર તેમનો મુખ્ય હેતુ દેશમાં ચૂંટણીલક્ષી લોકશાહીનું રક્ષણ કરવાનો અને સાચી પદ્ધતિ અમલમાં લાવવાનો છે. જો સરકાર દ્વારા આવી કથિત દમનકારી નીતિઓ અને સ્થિતિ ચાલુ રહેશે તો લોકો દ્વારા સરકાર ચોક્કસ બદલાઈ શકે છે. પ્રશાંત ભૂષણે વધુમાં સરકાર સામે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે જો દેશના નાગરિકો પોતે જ સરકાર બદલવા ઇચ્છતા હોય તો તેમાં ખોટું શું છે? તેમના મતે લોકશાહી દેશમાં સરકાર બદલવાની માગ કરવી એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે અને સરકારની નીતિઓ સામે પોતાનો અસંતોષ વ્યક્ત કરવો એ પણ કોઈ કાયદાકીય ગુનો નથી. હાલમાં દેશભરમાં મતદાર યાદીની પ્રક્રિયાના વિરોધ, ચૂંટણી પ્રક્રિયામાં સુધારા અને સત્તા પરિવર્તન અંગે સત્તાધારી પક્ષ અને વિપક્ષી રાજકીય પક્ષો વચ્ચે આક્ષેપ અને પ્રતિઆક્ષેપનો દોર સતત ચાલી રહ્યો છે. એક તરફ કેન્દ્રીય મંત્રી રિજિજુએ હિંસા ભડકાવવાના કાવતરાનો ગંભીર આરોપ મૂક્યો છે તો બીજી તરફ પ્રશાંત ભૂષણ અને વિરોધ પ્રદર્શન સાથે જોડાયેલા અન્ય લોકો પોતાના લોકશાહી અધિકારોનું રક્ષણ કરવાની વાત પર અડગ રહ્યા છે જેને કારણે દેશમાં સત્તા પરિવર્તનના આ મુદ્દે રાજકીય ઘમાસાણ વધુ ઉગ્ર અને તેજ બન્યું છે.


કિડનીમાં વારંવાર કેમ બને પથરી?

એક વ્યક્તિ કેટલી વાર સર્જરી કરાવી શકે અને શું ઓપરેશન વગર શક્ય છે કાયમી ઈલાજ!?

રાજકોટ, તા. ૧૮

આજના દોડધામ ભરેલા જીવનમાં કિડનીમાં પથરી થવી એ એક અત્યંત સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યા બની ગઈ છે, પરંતુ સૌથી મોટો અને ચિંતાનો વિષય એ છે કે ઘણા લોકોને એક વાર પથરીની સારવાર કરાવ્યા પછી કે ઓપરેશન દ્વારા પથરી કઢાવ્યા બાદ પણ વારંવાર આ તકલીફ ફરીથી ઉભી થાય છે. વારંવાર થતી પથરી માત્ર અસહ્ય પીડા અને શારીરિક કષ્ટ જ નથી આપતી, પરંતુ તે લાંબે ગાળે કિડનીના સામાન્ય કાર્ય અને સ્વાસ્થ્ય માટે પણ ગંભીર જોખમ ઊભું કરી શકે છે. તબીબી વિજ્ઞાન અનુસાર, કિડનીમાં પથરી બનવાની પ્રક્રિયા પાછળ આપણા શરીરની ચયાપચયની ક્રિયા, આહાર અને પાણી પીવાની ટેવો સીધી રીતે જવાબદાર હોય છે. જ્યારે શરીરમાં પાણીનું પ્રમાણ ઘટે છે ત્યારે પેશાબ ખૂબ જ ઘટ્ટ બને છે અને તેમાં રહેલા કેલ્શિયમ, ઓક્ઝાલેટ અને યુરિક એસિડ જેવા તત્વો એકબીજા સાથે જોડાઈને સ્ફટિકો એટલે કે પથરીનું રૂપ ધારણ કરવા લાગે છે. આ સિવાય વધુ પડતું મીઠું ખાવાની ટેવ, પ્રાણીજન્ય પ્રોટીનનું વધુ સેવન, અમુક ખાસ પ્રકારની ખાદ્ય વસ્તુઓ જેમાં પાલક, ટામેટા અને ચોકલેટનો સમાવેશ થાય છે તેનું અતિશય સેવન, તેમજ આનુવંશિક કે જિનેટિક કારણો પણ પથરીની રચનાને વેગ આપે છે. શરીરમાં હાઇપરપેરાથાઇરોઇડિઝમ જેવી સ્થિતિ કે જેમાં કેલ્શિયમનું પ્રમાણ વધી જાય છે અથવા યુરિક એસિડનું સ્તર ઊંચું રહેવાને કારણે પણ કિડનીમાં વારંવાર પથરી બનવાની સમસ્યા કાયમી સ્વરૂપ પકડી શકે છે.

આ સ્થિતિમાં મોટો પ્રશ્ન એ થાય છે કે એક સામાન્ય માનવી પોતાના જીવનકાળમાં કેટલી વાર કિડનીની સર્જરી કે ઓપરેશન કરાવી શકે છે? સામાન્ય રીતે લોકોના મનમાં આશંકા હોય છે કે વારંવાર ઓપરેશન કરાવવાથી કિડની નબળી પડી જાય છે અથવા નષ્ટ થઈ જાય છે. તબીબી દ્રષ્ટિએ જોઈએ તો સર્જરીની કોઈ નિશ્ચિત સંખ્યા કે આંકડાકીય મર્યાદા હોતી નથી. જો પથરીનું કદ મોટું હોય, પેશાબનો માર્ગ સંપૂર્ણપણે અવરોધાયેલો હોય અને દર્દીની કિડની પર ભારે જોખમ



તોળાતું હોય તો ડોક્ટરે ગમે તેટલી વાર પણ સર્જરીનો સહારો લેવો પડે છે. જો કે, આધુનિક તબીબી ક્ષેત્રે આવેલી ક્રાંતિને કારણે હવે પરંપરાગત મોટા કાપકૂપવાળા ઓપરેશનોની જરૂરિયાત લગભગ નહિવત થઈ ગઈ છે અને લેસર તકનીક, આર.આઈ.આર.સી. તેમજ પી.સી.એન.એલ. જેવી અત્યાધુનિક પદ્ધતિઓ દ્વારા કોઈપણ મોટા ચીરા વગર પથરીને બહાર કાઢી શકાય છે. તેમ છતાં, વારંવાર ઓપરેશન કરાવવાથી કિડનીની પેશીઓ પર ડાઘ પડી શકે છે અને તેની કાર્યક્ષમતા પર વિપરીત અસર પડી શકે છે, જેના કારણે તબીબો હંમેશાં માત્ર સર્જરી કરવાના બદલે પથરી ફરીથી ન બને તેવા કારણો શોધીને તેના નિવારણ પર વધુ ભાર મૂકે છે.

ઘણા દર્દીઓ જાણવા માંગતા હોય છે કે શું પથરીનો ઈલાજ ઓપરેશન વગર બિલકુલ શક્ય છે કે નહીં, તો તેનો જવાબ એ છે કે તમામ પ્રકારની પથરી માટે સર્જરી ક્યારેય અનિવાર્ય હોતી નથી. જો પથરીનું કદ પાંચ મિલીમીટર કે તેથી નાનું હોય, તો મોટાભાગના કિસ્સાઓમાં તે યોગ્ય દવાઓ અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવાથી પેશાબના માર્ગે જાતે જ બહાર નીકળી જાય છે. તબીબો આ માટે આલ્ફા બ્લોકર્સ જેવી દવાઓનો ઉપયોગ કરે છે જે પેશાબની નળીને આંતરિક રીતે થોડી પહોળી કરે છે જેથી પથરી સરળતાથી સરકી શકે. આ ઉપરાંત, જો પથરી યુરિક એસિડની બનેલી હોય તો તેને ઓપરેશન વગર માત્ર ખાસ પ્રકારની દવાઓ અને પેશાબને ક્ષારીય બનાવતી પદ્ધતિઓ દ્વારા પેટની અંદર જ ઓગાળી શકાય છે. આ વગર, ઈ.એસ.ડબ્લ્યુ.એલ. નામની એક અત્યાધુનિક બિન-આક્રમક પદ્ધતિ પણ ઉપલબ્ધ છે જેમાં શરીરની બહારથી સાઉન્ડ વેવ્સ અર્થાત અવાજના તરંગો મોકલીને પથરીના મોટા ટુકડાઓને બારીક ભૂકો કરી દેવામાં આવે છે, જે પાછળથી પેશાબ વાટે સરળતાથી બહાર નીકળી જાય છે.

આ તમામ ઉપચારો છતાં, જો પથરીને કાયમી ધોરણે અટકાવવી હોય તો કેટલીક કડક જીવનશૈલી અને આહાર સંબંધી નિયમોનું પાલન કરવું અનિવાર્ય બની જાય છે. દરરોજ ઓછામાં ઓછું ત્રણથી ચાર લીટર પાણી પીવું એ પથરી સામેનું સૌથી મોટું શસ્ત્ર છે કારણ કે તેનાથી પેશાબ ક્યારેય ઘટ્ટ થતો નથી અને મિનરલ્સ જમા થવાની તક મળતી નથી. આ સાથે જ ખોરાકમાં સોડિયમ અથવા મીઠાનું પ્રમાણ મર્યાદિત રાખવું, લીંબુ પાણીનું નિયમિત સેવન કરવું કારણ કે લીંબુમાં રહેલું સિટ્રેટ કુદરતી રીતે પથરી બનતી અટકાવે છે, અને વજનને નિયંત્રણમાં રાખવું ખૂબ જરૂરી છે. જો કોઈ વ્યક્તિને વારંવાર આ તકલીફ સતાવતી હોય તો તેમણે પથરીના વિશ્લેષણ માટે લેબ ટેસ્ટ કરાવવા જોઈએ જેથી તે કયા તત્વની બનેલી છે તેની ચોક્કસ માહિતી મળી શકે અને તે મુજબ આહારમાં પરેજી રાખી શકાય. અસહ્ય પીડા, પેશાબમાં લોહી પડવું કે તાવ આવવા જેવા લક્ષણો દેખાય ત્યારે કોઈપણ જાતના દેશી કે ઘરેલુ નુસ્ખા અજમાવવાને બદલે તરત જ કોઈ કુશળ યુરોલોજિસ્ટનો સંપર્ક સાધીને યોગ્ય અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવવું જ કિડનીના દીર્ઘકાલીન સ્વાસ્થ્ય માટે સૌથી સલામત અને ઉત્તમ માર્ગ સાબિત થાય છે.

સ્માર્ટવોચ-ફિટનેસ બેન્ડના ભરોસે પ્રેશર માપતા હોવ તો ચેતી જજો! : કાર્ડિયોલોજિસ્ટ્સ અને ફિઝિશિયન્સનું સ્પષ્ટ માનવું, સ્માર્ટવોચમાં દેખાડવામાં આવતા બ્લડ પ્રેશરના આંકડા સંપૂર્ણપણે સચોટ નથી હોતા

કાંડા પર દોડતો બ્લડ પ્રેશરનો આંકડો કેટલો વાસ્તવિક?

રાજકોટ, તા. ૧૭

આજકાલ હાથમાં પહેરેલી સ્માર્ટવોચ માત્ર સમય નથી બતાવતી, પણ હાર્ટ રેટ, ઓક્સિજન લેવલ અને હવે તો બ્લડ પ્રેશર (ઇકે) જેવી ગંભીર સ્વાસ્થ્ય માહિતી પણ સેકન્ડોમાં સ્ક્રીન પર લાવી દે છે. વ્યાયામ કરતી વખતે કે ઓફિસમાં બેઠા-બેઠા એક ક્લિકમાં હાઈ બીપીનો મેસેજ જોઈને ઘણા લોકો ચિંતામાં મૂકાઈ જાય છે, તો કેટલાક લોકો તેને એકદમ સાચો માનીને જાતે જ દવાઓ બદલી નાખે છે. પરંતુ, સવાલ એ છે કે શું કાંડા પર બાંધેલી સ્માર્ટવોચથી મળતી બ્લડ પ્રેશરની રીડિંગ ખરેખર ભરોસાપાત્ર છે? તાજેતરના સમયમાં ટેકનોલોજીના વધી રહેલા વ્યાપ વચ્ચે મેડિકલ સાયન્સ અને કાર્ડિયોલોજિસ્ટ્સ આ બાબતે ગંભીર ચેતવણી આપી રહ્યા છે.

દેશ અને દુનિયાના અગ્રણી કાર્ડિયોલોજિસ્ટ્સ અને ફિઝિશિયન્સનું સ્પષ્ટ માનવું છે કે સ્માર્ટવોચ કે ફિટનેસ બેન્ડમાં દેખાડવામાં આવતા બ્લડ પ્રેશરના આંકડા સંપૂર્ણપણે સચોટ નથી હોતા. પરંપરાગત બ્લડ પ્રેશર મોનિટર એટલે કે



સ્ફિગ્મોમેનોમીટર તમારા હાથ પર કફ બાંધીને ધમનીઓ પર પ્રેશર આપીને સાચું માપ કાઢે છે, જ્યારે મોટાભાગની સ્માર્ટવોચ ઓપ્ટિકલ સેન્સર અને ખાસ અલ્ગોરિધમનો ઉપયોગ કરીને માત્ર પલ્સ વેવનું અનુમાન લગાવે છે. આ ટેકનોલોજી બ્લડ પ્રેશરને સીધી માપતી નથી, પરંતુ શરીરની પલ્સના આધારે તેની ગણતરી કરવાનો દાવો કરે છે જે ઘણીવાર ભ્રામક સાબિત થાય છે.

આ ઉપરાંત, આ ઘડિયાળોમાં સાચા પરિણામો મેળવવા માટે સમયાંતરે અસલી બીપી મશીનથી કેલિબ્રેટ કરવું પડે છે, છતાં તે બદલાતી પરિસ્થિતિઓમાં સચોટ ડેટા આપી શકતી નથી. ડોક્ટરોના મતે આનાથી બે મોટા જોખમો ઊભા થાય છે. પહેલું એ કે જો કોઈ સામાન્ય વ્યક્તિને વોચ વારંવાર 'હાઈ બીપી' બતાવે તો તે કારણ વગર માનસિક તણાવ કે પેનિકમાં આવી જાય છે, જે વાસ્તવમાં તેના શરીરનું બ્લડ પ્રેશર ખરેખર વધારી દે છે. બીજું અને વધુ જોખમી પાસું એ છે કે જો કોઈ હાઈપરટેન્શનના દર્દીને વોચ નોર્મલ રીડિંગ બતાવે તો તે અસલી બીપીની ગંભીર સ્થિતિની અવગણના કરે છે, જે હાર્ટ ઊ કે બ્રેઈન સ્ટ્રોક જેવી દુર્ઘટનાઓને આમંત્રણ આપી શકે છે.


મેડિકલ એક્સપર્ટ્સ સ્પષ્ટ કરે છે કે સ્માર્ટવોચ માત્ર તમારા દૈનિક સ્વાસ્થ્યના સામાન્ય ટ્રેન્ડ કે પેટર્નનો આછો પાતળો અંદાજ આપવા માટે ઠીક છે, પરંતુ તે ક્યારેય કોઈ મેડિકલ ડાયગ્નોસિસ ટૂલ નથી. હાઈ બ્લડ પ્રેશર જેવા ગંભીર રોગનું નિદાન કરવા, નવી સારવાર શરૂ કરવા કે ચાલુ દવાઓનો ડોઝ બદલવા માટે ક્યારેય સ્માર્ટવોચના ડેટા પર આધાર રાખી શકાય નહીં. જો તમારી સ્માર્ટવોચ વારંવાર હાઈ બીપી બતાવી રહી હોય, તો તરત જ ગભરાઈને ચિંતાતુર થવાને બદલે હંમેશાં પ્રમાણિત ડિજિટલ બ્લડ પ્રેશર મોનિટર અથવા મેન્યુઅલ મશીનથી જ સાચું માપ લેવું જોઈએ. જો કોઈ પણ પ્રકારની શંકા કે શારીરિક લક્ષણો જણાય, તો તાત્કાલિક તમારા ફેમિલી ડોક્ટર કે કાર્ડિયોલોજિસ્ટનો સંપર્ક કરી પ્રોફેશનલ ચેકઅપ કરાવવું જ સ્વાસ્થ્ય માટે સૌથી સુરક્ષિત અને સમજદારીભર્યો વિકલ્પ છે.

અલ નીનોની શરીર પર અસર શું?

હવામાનમાં ફેરફાર દરમિયાન થોડી સાવધાની અને સમયસર પગલાં લેવાથી ગરમી અને મોસમી બીમારીઓ સાથે સંકળાયેલા ઘણા જોખમો ઘટાડી શકાય

રાજકોટ, તા. ૧૮

તેલંગાણામાં પાણીની સ્થિતિએ ફરી એકવાર અલ નીનોને ચર્ચામાં લાવી દીધો છે. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ વર્તમાન અલ નીનોને દાયકાઓમાં જોવા મળેલી સૌથી ગંભીર પરિસ્થિતિઓમાંની એક ગણાવીને ખેડૂતોને પાક, ખાસ કરીને પાણીનો ઉપયોગ કરતા ચોખાના પાકને મુલતવી રાખવા વિનંતી કરી. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, જળાશયોમાં હાલમાં લગભગ ૨૦૦ ઝખઈ પાણી છે, જે વર્ષના આ સમયે સામાન્ય રીતે ૪૬૨ ઝખઈ પાણી હોય છે. કૃષ્ણા બેસિનમાં જળાશયોમાં પાણીની ઉપલબ્ધતા એક વર્ષ પહેલા કરતા ૭૨ ટકા ઓછી અને ગોદાવરી બેસિનમાં ૪૨ ટકા ઓછી હોવાનું જાણવા મળ્યું છે. અહેવાલો અનુસાર, ૧૪ ઓક્ટોબર સુધીમાં, તેલંગાણામાં સામાન્ય કરતાં ૨૭.૮૨ ટકા ઓછો વરસાદ પડ્યો હતો. આના કારણે વીજળીની માંગમાં પણ વધારો થયો છે. ઓક્ટોબરમાં દૈનિક વીજળીની માંગ સામાન્ય રીતે ૧૫,૦૦૦ મેગાવોટની આસપાસ હોય છે, પરંતુ તે ૨૦,૦૦૦ મેગાવોટને વટાવી ગઈ છે. પાણી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા, મુખ્યમંત્રીએ આગામી મહિનાઓમાં પીવાના પાણીના પુરવઠા અંગે પણ ચિંતા વ્યક્ત કરી. પાણી



અને હવામાનમાં આવા અસંતુલન ફક્ત કૃષિ માટે ચિંતાનો વિષય નથી. સામાન્ય લોકો માટે અતિશય ગરમી, પીવાના પાણીની ઉપલબ્ધતા અને બદલાતા હવામાનને લગતી સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે સતર્ક રહેવું ખૂબ જ જરૂરી બની જાય છે.

જ્યારે પણ હવામાન વિભાગ અલ નીનોની ચેતવણી આપે છે, ત્યારે મોટાભાગના લોકો ધારે છે કે તે ફક્ત ખેતી અથવા વરસાદને અસર કરશે. પરંતુ સત્ય એ છે કે આ દરિયાઈ વિક્ષેપ આપણા શરીર અને રોજિંદા સ્વાસ્થ્યને સીધી અસર કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, અલ નીનોનો અર્થ એ છે કે પેસિફિક મહાસાગરની સપાટી અતિશય ગરમ થઈ જાય છે. જ્યારે આટલો વિશાળ સમુદ્ર ગરમ થાય છે, ત્યારે વૈશ્વિક હવામાન ચક્ર ખોરવાઈ જાય છે. કેટલીક જગ્યાએ, કમોસમી ભારે વરસાદ પૂરનું કારણ બને છે, જ્યારે અન્ય જગ્યાએ, મહિનાઓ સુધી દુષ્કાળ અને તડકાના કારણે જીવનને જોખમમાં મુકાય છે. અહીં, તેની સીધી અસર ભેજ, તીવ્ર ગરમી અને મોસમી બીમારીઓના સ્વરૂપમાં જોવા મળે છે. અલ નીનો દરમિયાન, પારો ઝડપથી વધે છે. સૂકા, ગરમ પવન અને અતિશય ભેજ માનવ શરીરમાંથી બધુ પાણી શોષી લે છે. આવી સ્થિતિમાં, સહેજ પણ બેદરકારી પણ ડિહાઇડ્રેશન, ચક્કર અને ગરમીનો થાક લાવી શકે છે. સૌથી મોટું જોખમ હીટસ્ટ્રોક છે, જેમાં શરીરનું તાપમાન અચાનક એટલી હદે વધી જાય છે કે તે મગજ અને હૃદયને અસર કરે છે.

આ હવામાન અસંતુલન વરસાદના પેટર્નને પણ સંપૂર્ણપણે વિક્ષેપિત કરે છે. કેટલીક જગ્યાએ દુષ્કાળ પાણીની અછતનું કારણ બને છે, જ્યારે અન્ય જગ્યાએ અનિયમિત વરસાદ પાણી ભરાવાનું કારણ બને છે. પાણી કોઈક રીતે ગોઠવાયેલું હોય ત્યારે, જ્યારે પૂર આવે છે, ત્યારે ગટર અને પીવાનું પાણી ભળી જાય છે. પરિણામે, હોસ્પિટલોમાં ટાઇફોઇડ, કમળો (હેપેટાઇટિસ) અને ઝાડાના કેસ અચાનક વધી જાય છે.

હૃદયનું બ્લોકેજ ખોલતું લીંબુ-આદુનું પાણી

૭૦-૮૦ ટકા હાર્ટ બ્લોકેજમાં શું સર્જરી અનિવાર્ય ? દવા, એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ વચ્ચેનો અસલી તફાવત અને ઘરેલુ નુસ્ખાઓ પાછળની શું છે કડવી વાસ્તવિકતા

રાજકોટ, તા. ૧૮

હાર્ટ અટેક અને હૃદયરોગના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે અને જરાક છાતીમાં દુખાવો ઉપડે કે તરત જ લોકો ગભરાઈને સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ ગમે તેવા નુસ્ખાઓ અજમાવવા લાગે છે, જેમાં ખાસ કરીને એવો જોરશોરથી દાવો કરવામાં આવે છે કે રોજ સવારે નર કોઠે લીંબુ અને આદુનું પાણી પીવાથી હાર્ટના ૭૦ થી ૮૦ ટકા બ્લોકેજ ઓગળીને ગાયબ થઈ જાય છે અને ક્યારેય સર્જરી કે ઓપરેશન કરાવવાની જરૂર પડતી નથી, પરંતુ શું આ દાવાઓમાં ખરેખર કોઈ તબીબી સત્યતા છે કે પછી આ એક એવી ખતરનાક ભ્રમણા છે જે અજાણતા જ દર્દીનો જીવ મોંઘા ભાવે જોખમમાં મૂકી શકે છે? આ ગંભીર સવાલનો જવાબ મેળવવા માટે જ્યારે આપણે કાર્ડિયોલોજિસ્ટ્સ અને હૃદયરોગના વિશેષજ્ઞોના અભિપ્રાય પર નજર કરીએ છીએ ત્યારે એકદમ ચોંકાવનારી અને સાચી હકીકત સામે આવે છે કે માત્ર લીંબુ અને આદુનું પાણી પીવાથી હૃદયની નસોમાં વર્ષોથી જામેલા કાયમી બ્લોકેજ એટલે કે પ્લેક (ઝઙફીય) ઓગળીને ક્યારેય સાફ થઈ શકતા નથી કારણ કે હૃદયની ધમનીઓમાં જમા થતો આ કચરો જેમાં મુખ્યત્વે કોલેસ્ટ્રોલ, ચરબી અને કેલ્શિયમનું પ્રમાણ હોય છે તે ખૂબ જ સખત પથ્થર કે સિમેન્ટ જેવો જામી ગયો હોય છે જેને માત્ર કોઈ જ્યુસ કે ઘરેલુ ઉકાળો ઓગાળી શકતો નથી, હા એ વાત ચોક્કસ છે કે આદુ અને લીંબુ બંને સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી છે અને તેમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઓક્સિડન્ટ્સ તથા એન્ટી-ઇન્ફ્લેમેટરી ગુણો રહેલા હોય છે જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં, બ્લડ પ્રેશરને કાબૂમાં રાખવામાં અને કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં ચોક્કસપણે મદદરૂપ સાબિત થાય છે પરંતુ તેને ક્યારેય ડોક્ટરો દ્વારા અપાતી દવાઓ કે મેડિકલ ટ્રીટમેન્ટનો વિકલ્પ માની લેવો એ સૌથી મોટી ભૂલ છે અને ગંભીર હાર્ટ બ્લોકેજના કેસમાં માત્ર આવા ઘરેલુ નુસ્ખા પર આંખ બંધ કરીને ભરોસો રાખવો દર્દી માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

જ્યારે દર્દીઓ કે તેમના સ્વજનોના મનમાં એ મોટો પ્રશ્ન આવે કે જો



એન્જિયોગ્રાફીના રિપોર્ટમાં ૭૦ થી ૮૦ ટકા બ્લોકેજ નિકળે તો શું ફરજિયાતપણે સર્જરી કરાવવી જ પડે છે, ત્યારે તબીબી વિજ્ઞાન સ્પષ્ટ કરે છે કે હરગીજ નહીં, હંમેશાં ૭૦-૮૦% બ્લોકેજ માટે સર્જરી કે સ્ટેન્ટિંગ જરૂરી હોતું નથી કારણ કે તે સંપૂર્ણપણે દર્દીના બ્લોકેજનું લોકેશન ક્યાં છે, નસ કઈ જગ્યાએ બ્લોક થઈ છે, અને સૌથી મહત્વનું એ કે દર્દીને કોઈ શારીરિક લક્ષણો દેખાય છે કે નહીં તેના પર આધાર રાખે છે, જેમ કે જો કોઈ વ્યક્તિ ચાલે ત્યારે છાતીમાં ભારેપણું લાગતું હોય, શ્વાસ ચડી જતો હોય કે અસહ્ય દુખાવો થતો હોય તો ગંભીરતા વધી જાય છે પરંતુ ટ્રેડમિલ ટેસ્ટ કે સ્ટ્રેસ ટેસ્ટ દ્વારા જો એ સાબિત થાય કે હૃદયને પૂરતા પ્રમાણમાં લોહી અને ઓક્સિજન મળી રહ્યું છે અને દર્દીને રોજિંદા જીવનમાં કોઈ તકલીફ નથી પડતી, તો ઘણીવાર માત્ર દવાઓ અને લાઈફસ્ટાઈલ તથા આહારમાં બદલાવ કરીને પણ દર્દીને સંપૂર્ણ સ્વસ્થ રાખી શકાય છે અને આ નિર્ણય ફક્ત અને ફક્ત ડોક્ટર દર્દીની સમગ્ર તબિયત બારીકાઈથી તપાસ્યા પછી જ લે છે.

જ્યારે હાર્ટ બ્લોકેજની સારવારની વાત આવે ત્યારે મેડિકલ જગતમાં મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે જેમાં પહેલી પદ્ધતિ મેડિકલ મેનેજમેન્ટ એટલે કે દવાઓ દ્વારા સારવાર છે જેમાં જો બ્લોકેજ પ્રાથમિક સ્તરે હોય તો ડોક્ટર લોહી પાતળું કરવાની દવાઓ, કોલેસ્ટ્રોલ ઘટાડતી સ્ટેટિન દવાઓ અને બ્લડ પ્રેશર નિયંત્રિત કરતી દવાઓ આપીને બ્લોકેજને આગળ વધતું અટકાવે છે, જ્યારે બીજી પદ્ધતિ એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ છે જેમાં જો કોઈ મુખ્ય નસમાં તીવ્ર બ્લોકેજ હોય અને દર્દીને તકલીફ થતી હોય તો હાથ કે જાંઘની નસ વાટે એક પાતળો વાયર મોકલીને બ્લોક થયેલી જગ્યા પર ફુગ્ગો ફુલાવીને 'સ્ટેન્ટ' નામની મેટલની જાળી બેસાડી દેવામાં આવે છે જેથી લોહીનો રૂંધાયેલો પ્રવાહ ફરીથી રાબેતા મુજબ ધમધમવા લાગે છે, અને ત્રીજી પદ્ધતિ બાયપાસ સર્જરી એટલે કે સી.એ.બી.જી. છે જે ત્યારે જ અનિવાર્ય બને છે જ્યારે નસોમાં ખૂબ જ જટિલ, એકથી વધુ જગ્યાએ અથવા ૯૦ ટકાથી પણ વધુ ગંભીર બ્લોકેજ હોય અને સ્ટેન્ટ મૂકવું જોખમી કે અશક્ય હોય, ત્યારે દર્દીના શરીરના અન્ય ભાગ એટલે કે પગ કે છાતીમાંથી સ્વસ્થ નસ કાઢીને બ્લોક થયેલી નસની આસપાસ એક નવો રસ્તો કે બાયપાસ તૈયાર કરવામાં આવે છે.

બેંકિંગ ક્ષેત્રમાં લાંબા સમયથી દાવો ન કરાયેલી બિનદાવાકૃત થાપણો અંગેના આંકડા સામે આવ્યા

રાજકોટની બેંકોમાં ૧૩૯ કરોડની રકમ ધણીધોરી વગરની

બિનદાવાકૃત થાપણો ત્રણ મહિનામાં ૧,૮૯૨ દાવાઓનો નિકાલ કરી ખાતાધારકો અને વારસદારોને ૫.૨૪ કરોડની રકમ ચૂકવાઈ

રાજકોટ , તા. ૧૮

બેંકિંગ ક્ષેત્રમાં લાંબા સમયથી દાવો ન કરાયેલી થાપણો એટલે કે બિનદાવાકૃત થાપણો અંગેના આંકડા સામે આવ્યા છે. એસ એલ બી સી માંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેર-જિલ્લામાં ૩,૫૭,૫૨૬ ખાતામાં કુલ ૧૩૯.૨૦ કરોડની થાપણનુ કોઈ માલિક નથી.એપ્રિલથી જુન માસ સુધીમાં ૩.૫૭ લાખ ખાતાધારકોને શોધી ૫.૨૪ કરોડની રકમ ચૂકવવામાં આવી છે.૧ ઓક્ટોબર, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન રાજકોટ જિલ્લામાં ૩,૮૮૯ દાવાઓનો નિકાલ થયો હતો અને કુલ ૧,૦૫૧.૦૨ લાખ એટલે કે આશરે ₹૧૦.૫૧ કરોડની રકમ ચૂકવવામાં આવી હતી.આ વિગતો દર્શાવે છે કે બિનદાવાકૃત થાપણો પર દાવો કરવાની પ્રક્રિયા દ્વારા ખાતાધારકો અને તેમના કાયદેસરના વારસદારો પોતાની રકમ મેળવી શકે છે.



કયા કારણોસર બેંકમાં રહેલી રકમ બીનદાવાની હોઇ છે

૧) ખાતાધારકના અવસાન અથવા , સરનામામાં ફેરફાર,

૨) સંપર્કની વિગતો ઉપલબ્ધ ન હોવી અથવા ખાતાધારકના વારસદારોને જૂના ખાતાની જાણકારી ન હોવાથી

૩) ખાતામાં નજીવી રકમ હોઇ, અથવા તો ડોક્યુમેન્ટની પ્રોસેસ લાંબી હોવાથી

૪) ખાતાધારક વિદેશમાં સ્થાઈ જવાના કારણે થાપણો પર દાવો કરવામાં આવતો નથી.

૫) લાંબા સમય બાદ ખાતાધારક પોતાના બેંકમાં રાખેલી રકમ ભૂલી જતા

બેંક થાપણોની રકમ ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં ટ્રાન્સફર થાય

બિનદાવાકૃત થાપણો અંગે જાગૃતિ વધારવા માટે નાગરિકોએ પોતાનાં જૂનાં બેંક ખાતાં, ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય થાપણોની વિગતો તપાસવી જરૂરી છે. ખાતાધારકનું અવસાન થયું હોય તો તેમના કાયદેસરના વારસદારો સંબંધિત બેંકનો સંપર્ક કરીને જરૂરી દસ્તાવેજો રજૂ કરી દાવાની પ્રક્રિયા જાણી શકે છે.ભારતીય રિઝર્વ બેંકના નિયમો અનુસાર, દસ વર્ષ કે તેથી વધુ સમયથી દાવા વગર રહેલી પાત્ર બેંક થાપણોની રકમ ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જોકે, આવી રકમ ફંડમાં ટ્રાન્સફર થઈ ગઈ હોય તો પણ કાયદેસરના હકદારનો દાવો કરવાનો અધિકાર સમાપ્ત થતો નથી. હકદાર સંબંધિત બેંક મારફતે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને રકમ મેળવવા દાવો કરી શકે છે.

અમદાવાદ, વડોદરા અને સુરતમાં આટલી રકમ છે બિનદાવાકૃત

૧) **અમદાવાદમાં સૌથી વધુ બિનદાવાકૃત થાપણો :** ચારેય જિલ્લાઓમાં અમદાવાદ પ્રથમ ક્રમે છે. અમદાવાદમાં ૧૦,૭૬,૫૭૩ ખાતાંમાં ₹૪૬,૮૯૪.૯૩ લાખ એટલે કે આશરે ₹૪૬૮.૯૫ કરોડની બિનદાવાકૃત થાપણો નોંધાઈ હતી.

૨) **સુરતમાં ₹૨૯૪.૪૭ કરોડની થાપણો :** સુરત જિલ્લામાં ૬,૦૯,૭૮૫ ખાતાંમાં ₹૨૯,૪૪૬.૫૩ લાખ એટલે કે આશરે ₹૨૯૪.૪૭ કરોડની બિનદાવાકૃત થાપણો નોંધાઈ હતી. ખાતાંની સંખ્યાની દૃષ્ટિએ આ ચારેય જિલ્લાઓમાં સૌથી મોટો આંકડો છે.

૩) **વડોદરામાં ₹૨૬૫.૯૭ કરોડની બિનદાવાકૃત થાપણો :** વડોદરા જિલ્લામાં ૫,૫૧,૩૫૩ ખાતાંમાં ₹૨૬,૫૯૬.૯૭ લાખ એટલે કે આશરે ₹૨૬૫.૯૭ કરોડની બિનદાવાકૃત થાપણો નોંધાઈ હતી.

મોરબી રોડ પર મંડપના ગોડાઉનમાં ભીષણ આગ

બે કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂ : ગિરિરાજ પાર્ટી પ્લોટ પાછળ આવેલા મંડપ સર્વિસના ગોડાઉનમાં આગની વિકરાળ જ્વાળાઓ ફાટી નીકળતાં દોડધામ મચી, કોઈ જાનહાની નહીં



રાજકોટ, તા. ૧૮

શહેરના મોરબી રોડ પર આવેલ ગિરિરાજ પાર્ટી પ્લોટ પાછળના વિસ્તારમાં એક મંડપ સર્વિસના ગોડાઉનમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. મંડપ ડેકોરેશન, કાપડ, પ્લાસ્ટિક અને લાકડાના જ્વલનશીલ મટીરિયલથી ભરેલા આ ગોડાઉનમાં આગ લાગ્યાની જાણ થતાં જ આસપાસના રહેવાસીઓમાં ડરનો માહોલ છવાઈ ગયો હતો. રાત્રે અચાનક આકાશમાં ધૂમાડાના ગોટેગોટા અને આગની ઊંચી જ્વાળાઓ દેખાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. બનાવની ગંભીરતાને જોઈને સ્થાનિકો દ્વારા તુરંત જ ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે તંત્ર સત્વરે હરકતમાં આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ રાજકોટ ફાયર બ્રિગેડનું તાંત્રિક અને બચાવ દળ તાત્કાલિક ૪ ફાયર ફાઈટર ગાડીઓ સાથે ઘટનાસ્થળે દોડી ગયું હતું. ગોડાઉનમાં રહેલી સામગ્રી અત્યંત જ્વલનશીલ હોવાને કારણે આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી, જેને પગલે ફાયર જવાનોએ મોરચો સંભાળીને સતત પાણીનો મારો ચલાવ્યો હતો. આગની તીવ્રતા એટલી હદે પ્રચંડ હતી કે કાબૂ મેળવવો ભારે કઠિન સાબિત થયો હતો, છતાં ફાયર વિભાગના જવાનોએ અથાક પરિશ્રમ અને સૂઝબૂઝ દાખવીને સતત બે કલાકની ભારે જહેમત બાદ આગને વધુ વિસ્તરતી અટકાવીને તેના પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

આ ભીષણ આગની દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગની સાથેસાથે ૧૦૮ એમ્બ્યુલન્સ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો પણ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ સ્ટાફે તાત્કાલિક ધોરણે આસપાસના વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને લોકટોળાને નિયંત્રિત કર્યું હતું, જેથી રાહત અને બચાવ કામગીરીમાં કોઈ અડચણ ન આવે. તેમજ કોઈપણ * સ્થિતિ કે ઈજાના કિસ્સાને પહોંચી વળવા ૧૦૮ ની ટીમ પણ ખડેપગ હાજર રહી હતી. સદનસીબે, આ ગોડાઉન વિસ્તારમાં રાત્રિના સમયે કોઈ વ્યક્તિ હાજર ન હોવાને કારણે અથવા સમયસર બચાવ કામગીરી શરૂ થઈ જવાના કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ કે ગંભીર ઈજાના અહેવાલ પ્રાપ્ત થયા નથી, જે રાહતની મોટી વાત રહી છે.

પ્રાથમિક અનુમાન મુજબ આગ શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ અગમ્ય કારણોસર લાગી હોવાનું મનાઈ રહ્યું છે, જોકે આગની આ ઘટનાથી ગોડાઉનમાં રહેલો મંડપ સર્વિસનો લાખો રૂપિયાનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી પૂર્ણ કર્યા બાદ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે, જ્યારે સમયસર મળેલી મદદ અને ફાયર વિભાગની સરાહનીય કામગીરીના કારણે એક મોટી હોનારત ટળી ગઈ હતી.

છેલ્લા ૫ વર્ષમાં ડામર રીકાર્પેટ અને રીસરફેસિંગ માટે ૪૪૦.૩૯ કરોડનો ખર્ચ

વર્ષાનુવર્ષ કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચ છતાં અનેક રસ્તાઓની દશા જોવા જેવી

રસ્તાઓના કામ પાછળ કરોડોનો ધુમાડો

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સુવાળા અને સુવિધાજનક માર્ગો પૂરા પાડવાના દાવાઓ વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોમાં રોડ રીકાર્પેટિંગ અને રીસરફેસિંગ પાછળ પાણીની જેમ નાણાં વહાવવામાં આવ્યા છે. તંત્રના સત્તાવાર આંકડાઓ મુજબ જ છેલ્લા પાંચ-છ વર્ષમાં ડામર રોડ અને તેના રીસરફેસિંગ માટે કુલ ₹૪૪૦.૩૯ કરોડ જેવી માતબર રકમ ખર્ચવામાં આવી છે. આમ છતાં, સામાન્ય જનતા માટે રસ્તાઓની હાલાકીમાં કોઈ મોટો ફરક પડ્યો નથી, જે તંત્રની કામગીરી અને નાણાંના યોગ્ય ઉપયોગ સામે ગંભીર સવાલો ખડા કરે છે.

તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા વાર્ષિક ખર્ચના આંકડા પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૦-૨૧ માં ₹૩૫.૩૬ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹૪૧.૫૧ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹૩૮.૨૭ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪ માં વધીને ₹૫૫.૬૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ સિવાયના વર્ષોમાં તો ખર્ચનો આંકડો બેફામ વધ્યો છે; જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ₹૭૩.૮૯ કરોડ અને ખાસ કરીને વર્ષ ૨૦૨૫-૨૬ માં એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ₹૧૨૧.૭૯ કરોડનો અધધ ખર્ચ ડામર કામ પાછળ દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ચાલુ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૬-૨૭ માં પણ અત્યાર સુધીમાં ₹૩૪.૩૮ કરોડનું માતબર ભંડોળ ખર્ચ થઈ ચૂક્યું છે. આટલી મોટી રકમ ખર્ચ્યા પછી પણ જો શહેરીજનોને ખાડા અને ઉબડ-ખાબડ રસ્તાઓમાંથી મુક્તિ ન મળતી હોય, તો આ કરોડો રૂપિયા જાય છે ક્યાં? તે મોટો પ્રશ્ન છે.

બીજી બાજુ, શહેરમાં માર્ગોની બિસ્માર હાલત અને ભારે ટાપોટાપ અંગે જ્યારે સવાલો ઉઠે છે, ત્યારે તંત્ર પોતાની પીઠ થાબડવામાં જરાય પાછું



પાની કરતું નથી. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે છે કે શહેરના તમામ માર્ગો ઉબડ-ખાબડ છે તે વાત તદ્દન પાયાવિહોણી અને હકીકતથી વેગળી છે. તંત્રનો દાવો છે કે શહેરમાં જ્યાં પણ ગટર, પાણીની લાઈન કે અન્ય કોઈ યુટીલીટી માટે ખોદાણ કરવાની જરૂર પડે છે, તે કામ પૂર્ણ થયા બાદ નિયમ મુજબ ત્વરિત રીસ્ટોરેશન કરવામાં આવે છે અને ત્યારબાદ ત્યાં પેચવર્ક કરીને રસ્તાઓને ફરીથી વ્યવસ્થિત બનાવવામાં આવે છે. એટલું જ નહીં, રસ્તાઓ પર ક્યાંય પણ ખાડા પડ્યા હોવાની માહિતી મળે કે તરત જ જરૂરી પેચ કામ કરીને રસ્તાઓને વાહનવ્યવહાર માટે મોટેરેબલ (વાહન ચાલી શકે તેવા) કરી દેવામાં આવતા હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવે છે.

હવે સવાલ એ થાય છે કે જો ખરેખર તંત્ર આટલી સતર્કતાથી પેચવર્ક અને રીસ્ટોરેશન કરતું હોય તથા દર વર્ષે કરોડો રૂપિયા ડામર કામ પાછળ ઠાલવવામાં આવતા હોય, તો ચોમાસાની સિઝન કે સામાન્ય દિવસોમાં પણ રાજકોટના રસ્તાઓ ચાળણી કેમ બની જાય છે? વારંવાર એક જ રોડ પર ફરીથી ખાડા કેમ પડે છે? કરોડો રૂપિયાના માતબર ખર્ચ છતાં રોડની ગુણવત્તા ટકી કેમ નથી રહેતી? આ તમામ બાબતો પુરવાર કરે છે કે કાગળ પર રસ્તાઓને 'મોટેરેબલ' બતાવવા અને જમીની હકીકતમાં જનતાને પડતી યાતના વચ્ચે મોટો તફાવત છે. તંત્રએ માત્ર આંકડાકીય માયાજાળ રજૂ કરવાને બદલે ગુણવત્તાયુક્ત અને દીર્ઘદ્રષ્ટિવાળા આયોજન તરફ ધ્યાન આપવું પડશે, જેથી પ્રજાના ટેક્સના પરસેવાની કમાણીનો સાચો ઉપયોગ થઈ શકે અને નાગરિકોને ખરેખર રાહત મળી શકે.

ભૂગર્ભ જળ ઊંચા લાવવા મનપાનો મેગા પ્લાન

૪૩૦ જગ્યાએ હાર્વેસ્ટિંગ સફળ, હવે ૬૬૭ બોર રિચાર્જ માટે DPR તૈયારીમાં! : ૧૫૦ MLD સહિત કુલ ૩૦૦ MLDની નવી ફિલ્ટરેશન કેપેસિટી ઉભેરાશે

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ભવિષ્યની જળ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તથા સતત વધતી જતી વસ્તીને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવાના ઉદ્દેશ્યથી એક વ્યાપક અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં જળ સંચય અને ભૂગર્ભ જળસ્તર સુધારવા માટે અત્યાર સુધીમાં મહાનગરપાલિકા દ્વારા ૪૩૦ જેટલા સ્થળોએ વરસાદી વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સફળતાપૂર્વક કાર્યરત કરી દેવામાં આવી છે. આ કામગીરીને વધુ આગળ ધપાવતા, શહેરમાં ભૂગર્ભ જળના પુનઃસંચય માટે કુલ ૬૬૭ બોર રિચાર્જ કરવાનું મોટું આયોજન હાથ ધરાયું છે. આ બોર રિચાર્જિંગ પ્રોજેક્ટ માટેનો ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ DPR તૈયાર થયા બાદ તેને મંજૂરી માટે રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂ કરવામાં આવશે અને સરકાર તરફથી મંજૂરી મળતાં જ આગળની તમામ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવશે.

બીજી તરફ, રાજકોટ શહેર માટે નવા ડેમ બનાવવાનું મહાનગરપાલિકા દ્વારા હાલ કોઈ અલગ આયોજન કરવામાં આવ્યું નથી. કારણ કે રાજકોટના મુખ્ય જળાશયો જેવાં કે આજી-૧, ન્યારી-૧ અને ભાદર-૧ ડેમને રાજ્ય સરકારશ્રીની મહત્વાકાંક્ષી સૌની યોજના સાથે સાંકળી (Link-up) લેવામાં આવ્યા છે. સૌની યોજના સાથે લિંક-અપ થવાને કારણે લાંબા ગાળા સુધી જળાશયોમાં પાણીનો પુરવઠો સતત ઉપલબ્ધ રહેશે તેવી સ્પષ્ટ અપેક્ષા છે, જેથી નવા ડેમના નિર્માણની ક્ષણે કોઈ જરૂરિયાત રહેતી નથી.

આ ઉપલબ્ધ પાણીના જથ્થાને શુદ્ધ કરી નાગરિકો સુધી પહોંચાડવા માટે વોટર ફિલ્ટરેશન ક્ષમતામાં જંગી વધારો કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે, ન્યારી-૧ ડેમ આધારિત ૧૫૦ ખકઉ ક્ષમતાનો વિશાળ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કણકોટ એન્જિનિયરિંગ કોલેજ પાસે બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત, કાલાવડ રોડ પર આવેલા ન્યારી ફિલ્ટર પ્લાન્ટ કેમ્પસમાં ૨૫ ખકઉ ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ તથા આજી-૧ ડેમ આધારિત ૭૫ ખકઉ ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ આજી ફિલ્ટર પ્લાન્ટ ખાતે સ્થપાશે. તેમજ GWIL નર્મદા પાઇપલાઇન આધારિત ૫૦ ખકઉ ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ ન્યારા ખાતે બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આમ, રેન વોટર હાર્વેસ્ટિંગ અને ફિલ્ટર પ્લાન્ટ્સના સમન્વયથી રાજકોટ શહેરનું જળ વ્યવસ્થાપન વધુ મજબૂત બનશે.

રાજકોટ ગ્રામીણ રાજકારણમાં સંગ્રામના એંધાણ

૫૫૦થી વધુ ગ્રામપંચાયતોની મુદત ડિસેમ્બરમાં પૂર્ણ

બેઠકોના 'રોટેશન' પર સૌની નજર : તંત્ર પાસે મતપેટીઓથી લઈને ગેરલાયક સરપંચો સુધીનો હિસાબ માંગ્યો



રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લાના ગ્રામીણ પંથકમાં આગામી દિવસોમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. જિલ્લાની ૫૫૦થી વધુ ગ્રામપંચાયતોના સરપંચો અને વોર્ડ સભ્યોની પાંચ વર્ષની મુદત આગામી ડિસેમ્બર માસમાં પૂર્ણ થવા જઈ રહી છે. મુદત પૂરી થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ગામડાઓના રાજકારણમાં સ્થાનિક દાવેદારો અને રાજકીય આગેવાનોમાં ચૂંટણી લડવા માટેનો ઉત્સાહ અને ચર્ચાઓનો દોર પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. જોકે, ગત ચૂંટણીઓની સરખામણીએ આ વર્ષે અત્યાર સુધી તંત્ર દ્વારા સરપંચ અને વોર્ડ બેઠકો માટેના અનામત પદ એટલે કે 'રોટેશન' અંગેની કોઈ પણ સત્તાવાર જાહેરાત કરવામાં ન આવતાં ભાવિ ઉમેદવારોમાં ભારે ઉત્સુકતા અને સસ્પેન્સનો માહોલ સર્જાયો છે.

બીજી તરફ, ગાંધીનગર સ્થિત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપવાના ભાગરૂપે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર પાસે વિસ્તૃત અને વિગતવાર અહેવાલ સત્વરે મોકલી આપવા આદેશ કરવામાં આવ્યો છે. ચૂંટણી આયોગ દ્વારા તાલુકા વાઈઝ ગ્રામપંચાયતોની કુલ સંખ્યા, પંચાયતના વોર્ડની સંખ્યા, મતદાન મથકોની સ્થિતિ તેમજ ચાલુ, બંધ કે સિપેરિંગ માગી લે તેવી મતપેટીઓની ઉપલબ્ધતા અંગેની તમામ ચોક્કસ માહિતી મોકલવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, સામાન્ય ચૂંટણીઓની સાથે યોજાનાર પેટા ચૂંટણીઓ, મધ્યસત્ર ચૂંટણીઓ તેમજ તાજેતરમાં વિભાજન પામીને નવી અસ્તિત્વમાં આવેલી ગ્રામપંચાયતોની પણ એક અલાયદી યાદી તૈયાર કરીને આયોગને સુપ્રત કરવા માટે સૂચનાઓ આપી દેવામાં આવી છે.

આ સમગ્ર કવાયત દરમિયાન સૌથી મહત્વનો અને ચોંકાવનારો વળાંક એ આવ્યો છે કે, આયોગ દ્વારા રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) અને તમામ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ) પાસેથી ભૂતકાળમાં વિવિધ સરકારી કાયદા કે નિયમોના ભંગ બદલ ગેરલાયક ઠરેલા સરપંચોની યાદી પણ તાકીદે માગવામાં આવી છે. ચૂંટણી આયોગના આ આદેશથી ભૂતકાળમાં નિયમભંગ કરી ચુકેલા કે ખાબકી ગયેલા ભૂતપૂર્વ સરપંચો અને રાજકીય તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ટૂંક સમયમાં જ રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા બેઠકો અને સરપંચ પદ માટેનું અનામત રોટેશન સત્તાવાર રીતે જાહેર કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. રોટેશનની જાહેરાત થતાંની સાથે જ કઈ ગ્રામપંચાયતમાં સરપંચ પદ મહિલા, એસસી, એસટી કે ઓબીસી માટે અનામત રહેશે તેનું ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. બેઠક વાઇઝ ચિત્ર સાફ થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં ચોરા અને ચાની કિટલીઓ પર ચાલતી ચર્ચાઓ ચૂંટણીના મેદાનમાં ફેરવાઈ જશે અને ચૂંટણી સંગ્રામ બરાબરનો જામશે. હાલ તો ચૂંટણીની આ ગતિવિધિઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં સંભવિત ઉમેદવારો અને રાજકીય આગેવાનોની હિલચાલ અને બેઠકોનો દોર ઝડપથી વધી રહ્યો છે.

શસ્ત્ર પૂજન શસ્ત્ર સંહિતા

શસ્ત્ર ખુદ શક્તિ-સ્વરુપા છે, પણ તેની આમાન્યાનું ભાન ન હોય તો બરબાદી



ભારતીય સનાતન પરંપરામાં શાસ્ત્ર અને શસ્ત્ર બંનેને એકસમાન અને અત્યંત વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શાસ્ત્ર આપણને જ્ઞાન, સંસ્કાર અને શ્રેષ્ઠ જીવન જીવવાની સાચી દિશા બતાવે છે, જ્યારે શસ્ત્ર આપણને રક્ષા, આત્મસન્માન અને ન્યાય માટે લડવાની શક્તિ પૂરી પાડે છે. શાસ્ત્ર અને શસ્ત્રનો આ પવિત્ર સંગમ જ એક સુદ્રઢ, સુરક્ષિત અને સંસ્કારી સમાજનું નિર્માણ કરે છે. આવતીકાલે વિજયા દશમી એટલે કે દશેરાના પાવન પર્વ નિમિત્તે સમગ્ર દેશમાં શસ્ત્ર પૂજનના વિશેષ કાર્યક્રમોનું આયોજન થશે. આ દિવસે આપણે શસ્ત્રો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને નમન કરીએ છીએ.

સૌથી મહત્વની વાત એ સમજવાની છે કે શસ્ત્ર ક્યારેય પ્રદર્શન કે વટ પાડવા માટે નથી હોતું. સોશિયલ મીડિયામાં શસ્ત્ર સાથે ફોટા વાયરલ કરીને ફિશિયારી મારવાની ફેશન ચાલી રહી છે, જેમાં વટને બદલે નપાવટપણું વધારે દેખાતું હોય છે. સમાજમાં રોફ જમાવવા, અન્યોને ડરાવવા કે અહંકાર સંતોષવા માટે હથિયારનો ઉપયોગ કરવો એ શસ્ત્રનો અનાદર છે.

શસ્ત્ર ખુદ શક્તિ સ્વરૂપા છે, તે સાક્ષાત આદિશક્તિનું પ્રતીક છે. તેની પૂજા અને ઉપાસના પવિત્ર ભાવથી થવી જોઈએ. શસ્ત્ર ધારણ કરવાની સાથે જ તેની સાથે જોડાયેલી જવાબદારીઓ અને મર્યાદાઓનું ભાન પણ જોઈએ. જો આપણને શસ્ત્ર સંહિતાનું પૂરતું ભાન ન હોય, તો એ જ શસ્ત્ર વિનાશ અને બરબાદીનું કારણ બની જાય છે.

શસ્ત્ર સંહિતા એટલે કે હથિયારના સંચાલન અને ઉપયોગ માટેના નૈતિક તથા ધાર્મિક નિયમો. સનાતની શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે શસ્ત્રનો ઉપયોગ માત્ર ધર્મ, સત્ય અને નિર્દોષોની રક્ષા માટે જ થવો જોઈએ. જ્યારે માણસ અહંકાર કે ક્રોધમાં આવીને શસ્ત્ર સંહિતાનો અનાદર કરે છે, ત્યારે તેનું જીવન બરબાદ થતાં વાર નથી લાગતી. સંયમ વગરનું શસ્ત્ર આવેગમાં અવિચારી પગલું ભરાવી દે છે. જેના પરિણામે નિર્દોષોના જીવ જાય છે અને હસતા-રમતા પરિવારો તારાજ થઈ જાય છે. ઉપરાંત શસ્ત્રનો ઉપયોગ કરનારની પણ બરબાદી થાય છે. ઇતિહાસ સાક્ષી છે કે અધર્મ અને અન્યાય માટે વપરાયેલાં શસ્ત્રોએ હંમેશા ભયાનક વિનાશ જ નોતર્યો છે.

સાચું શસ્ત્ર પૂજન ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે આપણે શસ્ત્રની શક્તિને વંદન કરવાની સાથે તેની આચારસંહિતાનો પણ સંપૂર્ણ સ્વીકાર કરીએ. શસ્ત્ર એ માત્ર ધર્મ રક્ષા, સ્વરક્ષણ અને સમાજ કલ્યાણ માટે જ છે. દશેરાના શુભ અવસરે આપણે એ જ સંકલ્પ લેવો જોઈએ કે આપણે શસ્ત્રનું ગૌરવ જાળવીશું, તેના ઉપયોગમાં સંયમ, વિવેક અને શસ્ત્ર સંહિતાનું કડક પાલન કરીશું. વિવેક વગરનું શસ્ત્ર વિનાશ નોતરે છે, જ્યારે વિવેકપૂર્વકનું શસ્ત્ર જ જીવનનું રક્ષણ કરે છે.



ગોવામાં CJPના વિરોધ પ્રદર્શન સામે પોલીસ કાર્યવાહી

હિન્દુત્વ વિરોધી નારા લગાવવા બદલ ૩૦૦ અજાણ્યા લોકો સામે FIR

નવીદિલ્હી, તા. ૧૮

ગોવા પોલીસે ૧૧ ઓક્ટોબરે રાજધાની પણજીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) ના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા ૩૦૦ અજાણ્યા વિરોધીઓ સામે FIR દાખલ કરી છે. એવો આરોપ છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન હિન્દુત્વ વિરોધી નારા લગાવવામાં આવ્યા હતા, જેનાથી હિન્દુ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી અને ધાર્મિક સંવાદિતાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પણજી પોલીસ ઇન્સ્પેક્ટર વિજય કુમાર ચોડણકરના જણાવ્યા અનુસાર, પણજીમાં યોજાયેલા જાહેર વિરોધ પ્રદર્શન દરમિયાન, કોકરોચ જનતા પાર્ટી (CJP) ના અધિકારીઓ અને સમર્થકોએ ''હિન્દુત્વ મુબારક, હિન્દુત્વ મુબારક'' જેવા નારા લગાવ્યા હતા, જેનાથી ધાર્મિક વિસંગતતાને પ્રોત્સાહન મળ્યું અને જાણી જોઈને હિન્દુ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી. તેમણે કહ્યું કે પોલીસે ધાર્મિક વિસંગતતાને પ્રોત્સાહન આપવા અને જાણી જોઈને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ ભારતીય દંડ સંહિતા (IPC), ૨૦૨૩ ની કલમ ૧૯૬ અને ૨૯૯ હેઠળ કેસ નોંધ્યો છે.

અગાઉ, રાજ્યના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જણાવ્યું હતું કે આ ઘટનાની તપાસ ચાલી રહી છે અને સરકાર રાજ્યમાં સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડવાના પ્રયાસોને સહન કરશે નહીં. તેમણે કહ્યું હતું કે આવા કૃત્યોમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. આ મામલે તાલેગાંવના રહેવાસી રામપ્રસાદ કેલકરની ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવામાં આવી છે. તેમણે પોતાની ફરિયાદમાં ૧૧ ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વિરોધનો વીડિયો જોવાનો ઉલ્લેખ કર્યો છે. કેલકરના જણાવ્યા મુજબ, સીજેપીના સભ્યોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે વિરોધ કર્યો હતો. પાર્ટીએ દેશમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)માં કથિત અનિયમિતતાઓ અને મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાનો પણ વિરોધ કર્યો હતો.

ફરિયાદીએ એમ પણ જણાવ્યું હતું કે સીજેપીના મહિલા સંયોજકે વિરોધ માટે ઉત્તર ગોવાના કલેક્ટર પાસેથી પરવાનગી માંગી હતી, પરંતુ અરજી ફગાવી દેવામાં આવી હતી. તેમ છતાં, વિરોધ પ્રદર્શન યોજાયું હતું. તેમણે જણાવ્યું હતું કે આયોજકોએ તેને શાંતિપૂર્ણ ગણાવ્યું હતું. જો કે, એવું જોવા મળ્યું હતું કે વિરોધીઓ હિન્દુઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, જે દર્શાવે છે કે વિરોધનો હેતુ સમાજ અને વિસ્તારની સુમેળ અને શાંતિને ખલેલ પહોંચાડવાનો હતો. દરમિયાન, જિલ્લા વહીવટીતંત્રે સીજેપીને વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપવાનો ઇનકાર કર્યા પછી પોલીસે આઝાદ મેદાનમાં પ્રવેશતા સાત વિરોધીઓની અટકાયત કરી હતી. ૧૧ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે બોમ્બે હાઈકોર્ટે તેમની હેબિયસ કોર્પસ અરજી પર સુનાવણી કર્યા બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. ગોવા પોલીસે પણજીમાં ૩૦૦ અજાણ્યા સીજેપી વિરોધીઓ સામે એફઆઈઆર દાખલ કરી છે, જેમાં તેમના પર હિન્દુત્વ વિરોધી નારા લગાવીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

જ્ઞાનેશ કુમારને કોઈ બચાવી નહીં શકે

જયરામ રમેશે સીઈસી પર આકરા પ્રહારો કર્યા : પાર્ટીના નેતા રમેશે સીઈસી જ્ઞાનેશ કુમારના રાજીનામા અને એસઆઈઆર પ્રક્રિયા તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે

નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસ પાર્ટીએ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પર ફરી એકવાર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે ભારતીય ચૂંટણી પંચ (ECI) પર છેલ્લા આઠ વર્ષથી રાજકીય પક્ષોને શોધી શકાય તેવી મતદાર યાદીઓ ન આપીને મત ચોરીમાં મદદ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને તાત્કાલિક રોકવાની માંગ કરી હતી. જયરામ રમેશે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને કહ્યું હતું કે, ''છેલ્લા બે વર્ષથી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી સતત, મજબૂત અને જોરદાર રીતે માંગ કરી રહ્યા છે કે ભારતના ચૂંટણી પંચ તમામ રાજકીય પક્ષોને ડિજિટલ ફોર્મેટમાં મતદાર યાદીઓ પ્રદાન કરે જે મતદારોના નામ અને અન્ય માહિતી સરળતાથી શોધી શકે. જો કે, ECI એ વારંવાર આ માંગણીને નકારી કાઢી છે.''

હકીકતમાં, ૨૦૧૮ માં કોંગ્રેસ પાર્ટી દ્વારા મધ્યપ્રદેશમાં લાખો નકલી મતદારો શોધી કાઢવામાં આવ્યા બાદ ECI એ આવા ડિજિટલ ફોર્મેટમાં મતદાર યાદીઓ પ્રદાન કરવાનું બંધ કરી દીધું હતું. મત ચોરીને સરળ બનાવવા માટે આ માંગણી આઠ



વર્ષ સુધી નકારી કાઢવામાં આવી હતી. ચૂંટણી પંચના આદેશનો ઉલ્લેખ કરીને રમેશે લખ્યું, ''૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, ECI એ એક આદેશ જારી કર્યો હતો કે સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) માટે મતદાર યાદીઓ રાજકીય પક્ષોને ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવામાં આવે જે મતદાર માહિતીની સરળતાથી શોધ કરી શકે. બે વર્ષના વિરામ પછી, ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SSR પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી છે. આનું કારણ એ છે કે આજે આખો દેશ મત ચોરો સામે રસ્તા પર ઉતરી આવ્યો છે.''

અગાઉ, ભારતીય ચૂંટણી પંચ (ECI) એ ગુરુવારે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મતદાર યાદીઓનું સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) કરવા સૂચનાઓ જારી કરી હતી, જેમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૭ ની પાત્રતા તારીખ નક્કી કરવામાં આવી હતી. રમેશે વધુમાં આરોપ લગાવ્યો હતો કે જ્યારે પણ મત-હેરાફેરીનો પર્દાફાશ થયો, ત્યારે મોદી સરકારે નવી યુક્તિઓનો આશરો લીધો. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર વડા પ્રધાન અને ગૃહમંત્રીના નિર્દેશો પર કામ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જ્યારે પણ મતદાનમાં ગોટાળાનો ખ્યાલ આવતો હતો, ત્યારે મોદી સરકારે નવી યુક્તિ અપનાવી હતીઃ ક્યારેક મશીન-રીડેબલ મતદાર યાદીઓનું વિતરણ બંધ કરવું, ક્યારેક નકલી મતદારોના નામ ઉમેરવા, અને ક્યારેક જઁઈછ પરંતુ આ વખતે એવું નહીં થાય. કોંગ્રેસના નેતાએ કહ્યું, ''હવે કોઈ CEC જ્ઞાનેશ કુમારને બચાવી શકે નહીં. વડા પ્રધાન અને ગૃહ પ્રધાનના નિર્દેશો પર કાર્ય કરીને, તેમણે ECI માં જનતાનો વિશ્વાસ અને વિશ્વાસ સંપૂર્ણપણે નાશ કરી દીધો છે. તેમણે કોઈપણ કિંમતે રાજીનામું આપવું જોઈએ. પરંતુ આ એકલું પૂરતું નહીં હોય. ECI અને તેની IT સિસ્ટમ્સનું સંપૂર્ણ પુનર્ગઠન કરવું જોઈએ. SIR પ્રક્રિયા, જેણે ૧૩૦ મિલિયનથી વધુ ભારતીયોના મતદાનના બંધારણીય અધિકારને જોખમમાં મૂક્યો છે, તેને પણ તાત્કાલિક બંધ કરવી જોઈએ.

જમ્મુમાં ચીની ગુપ્તચર નેટવર્ક સાથે વિગતો શેર કરી?

મહિલા વિરુદ્ધ જાસૂસીનો આરોપ, FIR દાખલ : દેશની ગુપ્ત માહિતી અને સંવેદનશીલ માહિતી વિદેશી એજન્ટોને પહોંચાડવાના આરોપસર કેસ દાખલ



નવીદિલ્હી, તા. ૧૮

જમ્મુમાં એક મહિલા વિરુદ્ધ વિદેશી ગુપ્તચર એજન્ટો સાથે સંવેદનશીલ માહિતી શેર કરવાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો છે. ગાંધી નગર પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર, મહિલા પર ચીન સાથે જોડાયેલા વિદેશી ગુપ્તચર એજન્ટો સહિત અન્ય ગુપ્તચર એજન્સીઓ સાથે સંવેદનશીલ માહિતી એકત્રિત કરવાનો અને શેર કરવાનો આરોપ છે. પોલીસે સત્તાવાર ગુપ્તચર અધિનિયમ અને ભારતીય દંડ સંહિતા (IPC) ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે. મામલાની ગંભીરતાને જોતાં, તપાસ ચાલુ છે. અહેવાલો અનુસાર, મહિલાની પૂછપરછ કરવામાં આવી છે અને હાલ પૂરતો તેને છોડી દેવામાં આવ્યો છે. તપાસના ભાગ રૂપે, તેના ઇલેક્ટ્રોનિક ઉપકરણો ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) માં મોકલવામાં આવ્યા છે. પોલીસ FSL રિપોર્ટની રાહ જોઈ રહી છે. તારણોના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

હાલમાં તપાસ ચાલુ છે. મહિલા સામેના આરોપોની પુષ્ટિ થવાની બાકી છે. તપાસ પછી જ શેર કરવામાં આવેલી કથિત સંવેદનશીલ માહિતી અને વિદેશી ગુપ્તચર એજન્ટો સાથેના તેના સંપર્કની વિગતો સ્પષ્ટ થશે. પોલીસ રિપોર્ટમાં ખાસ કરીને ચીન અને અન્ય વિદેશી દેશોનો ઉલ્લેખ છે. તેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે શંકાસ્પદ પ્રવૃત્તિઓ વ્યૂહાત્મક અને કાર્યકારી મહત્વની માહિતી લીક થવાનું કારણ બની શકે છે. જોકે, ઉપલબ્ધ પોલીસ રિપોર્ટમાં કયા પ્રકારના દસ્તાવેજો એકત્રિત કરવામાં આવ્યા હતા, શંકાસ્પદ વિદેશી સંપર્કો કોણ હતા અને કેટલી માહિતી ટ્રાન્સફર કરવામાં આવી હતી તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. તપાસમાં એ નક્કી થવાની અપેક્ષા છે કે શું કોઈ સુરક્ષિત દસ્તાવેજો અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ ખરેખર એક્સેસ કરવામાં આવ્યા હતા કે ફોરવર્ડ કરવામાં આવ્યા હતા, કયા પ્રકારની માહિતી સામેલ હતી અને શું કોઈ વિદેશી ગુપ્તચર નેટવર્ક આ પ્રવૃત્તિમાં સામેલ હતું. ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટની કલમ ૩ રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક માહિતી એકત્ર કરવા અથવા શેર કરવા સંબંધિત ગુનાઓને આવરી લે છે. કલમ ૫ સુરક્ષિત માહિતીના અયોગ્ય શેરિંગ, કબજા અથવા ચેડાં સંબંધિત ગુનાઓને આવરી લે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

દધીમાતા મહાલક્ષ્મીનો અવતાર છે, અને એનો જન્મ માગશર સુદ સપ્તમી એ આકાશનાં માધ્યમથી થયો હતો



ઓ ચિંતી આંગણામાં આવી અલબેલડી.., કે પછી મારી ઝુંપડી માં આવી અંબે માત.. ગાતાં ગાતાં આજે આસો નવરાત્રીનો નવમો અને અંતિમ દિવસ આવી ગયો. માતાજીની વિદાયનો દિવસ, દીકરી હોય કે મા વિદાય તો આકરી જ હોય! પણ અંબાની ભક્તિ આંબા એટલે કે કેરીનાં રસ જેવી મીઠી અનુભૂતિ કરાવી ગઈ. આઠમનાં હોમ હવન પણ પૂર્ણ થઈ ગયા, અને નૈવેદ્ય પણ ઘણી જગ્યાએ થઈ ગયાં! નૈવેદ્ય ની વાત આવી છે તો, પરંપરાને નામે પણ અન્નનો બગાડ થાય નહીં એનું ખાસ ધ્યાન રાખવું, કારણ કે વિશ્વની વધતી વસ્તીને કારણે ભૂખમરો પણ વધતો જાય છે! અને હાલ કેટલાંય દેશો એનો અનુભવ કરી રહ્યાં છે. આસો નવરાત્રીનાં અંતિમ દિવસે નવદુર્ગાનાં સિદ્ધિદાત્રી સ્વરૂપની આરાધના હોય છે, માતાની નવમી શક્તિ સિધ્ધિદાત્રીનું મંદિર મધ્ય પ્રદેશનાં નાગોર જિલ્લામાં સ્થિત છે. માતાના અન્ય પ્રખ્યાત મંદિરો યુપી-વારાણસી, સતના-મધ્યપ્રદેશ અને દેવપહાડી-છત્તીસગઢમાં પણ છે. દેવી તેમના સમર્પિત ભક્તોને તમામ પ્રકારની સિધ્ધી આપે છે, તેથી તેમને સિદ્ધિદાત્રી કહે છે. આપણે આજે આવા જ એક સૌમ્ય શાંત અને સિદ્ધિ દેતા માતા મહાલક્ષ્મી એટલે કે દધી માતાની વાત કરીશું.

પુરાણોમાં ૫૧ શક્તિપીઠ અને ૨૫ ઉપપીઠો ના વર્ણન મળે છે, એમાં એક દધીમતિ શક્તિપીઠ છે, જે કપાલ પીઠના નામે પણ જાણીતી છે.

સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરવા વાળી ત્રિનેત્રી ભગવતી, જે હાથોમાં ચમકીલું ચક્ર, તલવાર, ધનુષ્ય-બાણ, અભય મુદ્રા, કમળ, અને ત્રિશુલ ધરેલી છે, જે મોતીનો હાર અને કુંડળથી યુક્ત છે, એ સિંહવાહિની દધીમાતા સદા સૌનું મંગલ કરે છે. દધી માતાનું મંદિર પુષ્કર અજમેરની ઉત્તરમાં આવેલું છે, અને નાગોર જીલ્લાની જાયલ તહસીલ મુખ્યાલયથી ૧૦ કિલોમીટર દૂર છે.

દધીમતિ દધીચિ ઋષિની બહેન હતી,દધી માતાને મહાલક્ષ્મી માતાનો અવતાર માનવામાં આવે છે. દધી મતિનો જન્મ માગશર સુદ સપ્તમી એ આકાશના માધ્યમથી થયો હતો. એવું માનવામાં આવે છે કે, દધીમતિ માતાનું મંદિર દેવી મહાત્મ્યનું વર્ણન કરતું ભારતનું સૌથી પુરાણું મંદિર મનાય છે.

ત્રેતાયુગમાં અયોધ્યા પતિ રાજા માંધાતા એ અહીં એક સાત્વિક યજ્ઞ કર્યો હતો, એ સમયે માઘ સપ્તમી હતી, દેવી પ્રગટ થઈ જે દધીમતિના નામે જાણીતી છે. શિલાલેખ અનુસાર એનું નિર્માણ ગુપ્ત સંવત ૨૮૯ માં થયું હતું જે લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે મંદિર શિખરનું નિર્માણ થયું હતું. દેવીની વર્તમાન મંદિરની મૂર્તિના વિષયમાં કહેવાય છે, કે જ્યારે દેવી પ્રગટ થઈ રહી હતી, ત્યારે એક ગોવાળિયો ગાય ચરાવી રહ્યો હતો, ત્યાં જમીનના ફાટવાથી એક ગર્જના થઈ, સાથે દેવીનો કપાલ ભાગ બહાર નીકળી આવ્યો, ગાયો ભાગવા લાગી ત્યારે ગોવાળિયા એ કહ્યું માતા ખબજા એના કહેવાથી જ મા ભગવતીનું કપાળ બહાર રહી ગયું એ સમયે ગાયના દૂધથી એમનો અભિષેક કરવામાં આવ્યો. આજે પણ સમગ્ર ભારતમાં દધી મતિ માતાનું એક જ મંદિર છે, જ્યાં દૂધથી અભિષેક થાય છે.

શ્વેત પાષાણથી નિર્મિત શિખર વાળું આ મંદિર પૂર્વાભિમુખ છે, મંદિરમાં રામાયણની ઘટનાઓનાં ચિત્રો પણ છે, એમાં રામનું મનોહારી ચિત્ર કરવામાં આવ્યું છે. ચિત્રોમાં રામનું ચિત્ર સામાન્ય પુરુષ રૂપમાં છે. રાજસ્થાનના પ્રસિદ્ધ ઇતિહાસકાર ગૌરીશંકર ઓઝાના કહેવા અનુસાર આ મંદિર આસપાસનો પ્રદેશ પ્રાચીનકાળમાં દધીમતિ એટલે કે દાહિમા ક્ષેત્ર કહેવાતું હતું.

પૌરાણિક માન્યતા અનુસાર વિકટાસુર નામનો દૈત્ય સંસારના સમસ્ત પદાર્થોનું સારતત્વ ચોરીને, દધી સાગરમાં જઈને છુપાયો હતો, ત્યારે દેવતાઓ પ્રાર્થના પર સ્વયં આદ્યશક્તિ અવતરિત થઈ, એ દૈત્યનો વધ કરી અને બધા પદાર્થો ફરી પાછા થયા, દધી સાગરને મથવાને કારણે દેવીનું નામ દધીમતિ પડ્યું, અન્ય સંસ્કૃતિઓ અનુસાર કપાલ પીઠ કહેવાતી માતાનું મંદિર સ્વયં ભૂગર્ભમાંથી પ્રગટ થયું છે.

જગતના પ્રાણીઓને અભય પ્રદાન કરવા માટે તથા વિકટાસુરનો વધ કરવા માટે યોગમાયા મહાલક્ષ્મી મહર્ષિ અથર્વાના ઘરમાં ભગવતી નારાયણી દધીમતિ માતાના રુપમાં પ્રગટ થઈ હતી.અષ્ટમીએ સંધ્યાકાળે વિકટાસુરનો વધ કર્યો, આ જ કારણથી આ તિથિ જયાશ્રી ના નામે વિખ્યાત છે, દધી સાગરનું મંથન કરવાને કારણે બ્રહ્માજીએ એનું નામ જ દધીમતિ રાખ્યું, તથા મહર્ષિ પુત્રપ્રાપ્તિ વરદાન આપ્યું. ભગવતી દધીમતિ ને પોતાના ભાઈ દધીચિના વંશની રક્ષા કરતા, એમને કુળદેવી થવાનો આશીર્વાદ આપ્યો, વિશ્વ કલ્યાણ એવમ ધર્મની રક્ષા હેતુ દૈત્યરાજ વૃત્રાસુરના વધ માટે પોતાની અસ્થીઓ દેવતાઓને પ્રદાન કરી દીધી, ત્યારે દધિચીની ગર્ભવતી પત્ની સતી થવા માટે તત્પર થઈ, ત્યારે દેવતાઓએ સ્મરણ કરાવ્યું કે તમારા ગર્ભમાં ઋષિનું તેજ છે, જે રુદ્ર અવતાર છે. પહેલા એને જન્મ આપો, આ પર ઋષિપત્ની એ પોતાનો ગર્ભ કાઢી, ને આશ્રમમાં ઋષિ દ્વારા સ્થાપિત વૃક્ષને સોંપ્યો, અને ભગવતી દધીમતિને પ્રાર્થના કરી કે તમે અમારી કુળદેવી છો, આ બાળકની રક્ષા કરજો. કુળદેવીના સાનિધ્યમાં વૃક્ષની નીચે પળવાને કારણે મહર્ષિ દધીચિના પુત્રનું નામ પીપલાદ પડ્યું.

આમ માતા દધીમતિની એટલે કે મહાલક્ષ્મી સૌમ્ય સ્વરૂપની સ્વામીની, અને ભક્તોને સિદ્ધિ પ્રદાન કરનારી દેવી છે. એશ્વર્ય ઘણી પ્રકારના હોઈ શકે, પરંતુ સિદ્ધિ દરેક સાથે જોડાયેલી હોતી નથી. રૂપિયા પૈસાનું એશ્વર્ય ગમે તે વ્યક્તિ પ્રાપ્ત કરી શકે, પરંતુ સિદ્ધિ તો ઈશ્વરીય વરદાન હોવાથી, તે માતાની આરાધનાથી જ પ્રાપ્ત થાય છે.

આસો નવરાત્રીની પૂર્ણાહુતિનો આજે દિવસ છે. લોકમાનસની ભક્તિની પરાકાષ્ઠાએ આજે જ્યારે માતાની વિદાય થશે, ત્યારે દરેકના હૃદય ગદગદ થશે, લોકોની લાગણીનું પણ એવું જ છે, નવ દિવસથી સતત તેનો સંગાથ કરીને ચાલનારો જે એમ વિચારે છે, કે આવતીકાલે હવે શું કરીશું! પરંતુ બધું જ યથાવત થઈ જાય છે. પરંતુ એક સવાલ મનની અંદર આજે થાય છે, કે શક્તિ ઉપાસનાના નવ દિવસ આપી અને દસમે દિવસે રાવણનો વધ શું કામ? સવાલ સાવ સીધો સાદો છે, અને ન સમજાય એવો પણ નથી. નવ દિવસ શક્તિની સાથે સાથે વિકારોને માતાએ હણી લીધા હોય છે, પરંતુ અહમ નામનો એક વિકાર, હજી પણ યથાવત દેખાય છે, અને તેના વધ માટે શક્તિની ઉપાસના પૂર્ણ થાય, ત્યારે તેને દશેરા અથવા વિજયાદશમી નામ આપવામાં આવ્યું છે. સાધક પોતે પોતાના અહમનો વધ કરીને વિજય પ્રાપ્ત કરે, રાવણ એ ત્રેતા કાળમાં કદાચ અન્ય પાત્ર, એટલે કે બહારનું પાત્ર હોઈ શકે. પરંતુ આજના કળિયુગમાં તો ઘટે ઘટે રાવણ અલગ અલગ રીતે પોષણ મેળવીને શક્તિને હણી રહ્યો છે. તો શક્તિની ઉપાસના કરી અને શક્તિની રક્ષા માટે, આવાં રાવણનો વધ બહુ જ જરૂરી છે. તો આપણે સૌ પણ આ શક્તિ ઉપાસનાના નવ દિવસની ભક્તિથી નમ્ર બનીએ, બુદ્ધિમાં વિવેકનું સ્થાપન કરીએ, અને રાવણ જેવા અવગુણનો વધ કરીને જીવનને શુભની દિશામાં દોરીએ, તેમજ સરળ ને મધુર જીવન જીવી શકીએ. વસુધૈવ કુટુંબની ભાવના હર્દયસ્થ કરીને લોક મંગલના કાર્ય કરી મા આદ્યશક્તિની ભક્તિ ભાવ મય જીવન જીવીએ. જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ચુનારાવાડ ચોક પાસે માથાકૂટઃ તમારા ધંધા અવળા છે એટલે ના પાડીએ એવું કહેતા જામી પડી

ધંધા બાબતે દંપતિ પર છરીથી હુમલો

ત્રણ સામે ગુનો નોંધાયોઃ રમેશભાઈને માથાના ભાગે ૮ ટાંકા અને હાથમાં ૮ ટાંકા તથા પત્ની કાજલબેનને પણ હાથમાં ૧૨ જેટલા ટાંકા આવ્યાઃ થોરાળા પોલીસે ગુનો નોંધ્યો



રાજકોટ તા. ૧૮

શહેરના ભાવનગર રોડ પર આવેલા ચુનારાવાડ ચોક નજીક ધંધો કરવા બાબતે થયેલી તકરારમાં એક દંપતી પર છરી વડે હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટના અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રાજકોટના ભાવનગર રોડ, લાખાજીરાજ સોસાયટી, શેરી નં. ૦૩/૦૮ ખૂણે રહેતા અને ઈમિટેશન કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા રમેશભાઈ દેવજીભાઈ સાલાટ (ઉં.વ. ૫૩) દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ રોજ રાત્રિના આશરે દસેક વાગ્યાની આસપાસ રમેશભાઈ, તેમના પત્ની કાજલબેન, દીકરી પ્રિયા તથા તેમના સાળાનો દીકરો અર્જુન ગનીભાઈ માલાણી ઘરે હાજર હતા. સવારે થયેલી માથાકૂટ અંગે તેઓ સમાધાનની વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન અર્જુનનો નાનો ભાઈ કબીર અને તેની બહેન નંદુ ત્યાં આવી પહોંચ્યા હતા અને તમે અમને અહીં ધંધો કરવા દેતા નથી તેમ કહી બોલાચાલી કરવા લાગ્યા હતા. રમેશભાઈએ તમારા અવળા કામ અને ધંધા છે, જેથી અમે અહીં ધંધો કરવા ન દઈએ તેમ કહેતા કબીર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. ઉશ્કેરાયેલા કબીરે પોતાની પાસે રહેલી છરી વડે રમેશભાઈ પર હુમલો કરી દીધો હતો. કબીરે રમેશભાઈને જમણા હાથના કોણીના ઉપરના ભાગે તથા માથાના ભાગે ડાબી બાજુ છરીના ઘા મારી દીધા હતા.

લોહીલુહાણ થયેલા રમેશભાઈને બચાવવા વચ્ચે પડેલા તેમના પત્ની કાજલબેનને પણ કબીરે જમણા હાથની હથેળી તથા આંગળીના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ અર્જુન, કબીર અને નંદુ આ ત્રણેય જણાએ ગાળો આપી દંપતીને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો.

દંપતીની રાડારાડ સાંભળી આજુબાજુના લોકો એકઠા થઈ જતાં આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. સ્થાનિક લોકો દ્વારા ૧૦૮ ને જાણ કરવામાં આવતા, ઈજાગ્રસ્ત રમેશભાઈ અને તેમના પત્ની કાજલબેનને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તબીબી સારવાર દરમિયાન રમેશભાઈને માથાના ભાગે ૮ ટાંકા અને હાથમાં ૮ ટાંકા આવ્યા છે, જ્યારે પત્ની કાજલબેનને પણ હાથમાં ૧૨ જેટલા ટાંકા આવ્યા છે.

આ મામલે રમેશભાઈ સાલાટની ફરિયાદના આધારે થોરાળા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વી.જી. બોરીચાએ આ મામલે અર્જુન ગનીભાઈ માલાણી, કબીર ગનીભાઈ માલાણી અને નંદુબેન ગનીભાઈ માલાણી સામે પોલીસ કમિશનરના હથિયારબંધીના જાહેરનામાના ભંગ તથા એકબીજાની મદદગારી કરી ગુનો આચરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જસરાજ નગરમાં રહેતા તારાબેન ઝાલેરા રસોઈ બનાવતા સમયે દાઝ્યા'તા

રસોઈ કરતા દાઝી ગયેલા પ્રૌઢાનું મોત

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં રાધે હોટલ પાછળ ઉમિયા ચોક નજીક આવેલા જસરાજ નગર શેરી નંબર ૪ માં રહેતા તારાબેન ચંદુભાઈ ઝાલેરા ગત તારીખ ૧૨ ના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરે રસોઈ બનાવી રહ્યા હતા. આ દરમિયાન તેઓ આકસ્મિક રીતે ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ આસ્થા હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બર્ન્સ વિભાગમાં ચાલુ સારવાર દરમિયાન આજે ૧૮મીએ તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું ફરજ પરના તબીબ ડો. ઉર્વેશ પરમારે જાહેર કર્યું હતું.



બનાવ બાબતે વધુ વિગતો આપતા રાજકોટ તાલુકા પોલીસ મથકના તપાસનીસ એ.એસ.આઈ. ડી.સી. જોશીએ જણાવ્યું હતું કે મૃતક તારાબેનના પતિ ચંદુભાઈ ફર્નિચરના કામ સાથે સંકળાયેલા છે અને તેઓને સંતાનમાં બે પુત્રો છે. બનાવ બન્યો ત્યારે ઘરમાં અન્ય કોઈ સભ્ય હાજર ન હતું અને રસોઈ બનાવતી વખતે આકસ્મિક રીતે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. હાલ આ મામલે રાજકોટ તાલુકા પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

૪૦ વર્ષીય યુવાન ગૂમ

રાજકોટ શહેરના પ્રદ્યુમન પાર્ક પાસે આવેલા મફતિયાપરા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય હનિફશા ઈબ્રાહીમશા ફકીર ગત તારીખ ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૦૯:૩૦ વાગ્યાના અરસામાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતેથી કોઈ પણ કારણસર એકલા જ ચાલ્યા ગયા છે અને ગુમ થયા છે. આ બનાવ અંગે ગુમ થનાર યુવાનના ૬૦ વર્ષીય માતા ગુલશનબેન ઈબ્રાહીમશા ફકીરે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર જાણ કરી છે. આ કિસ્સામાં માતાની જાહેરાતના આધારે પોલીસે જાણવાજોગ નોંધ કરી યુવાનને શોધી કાઢવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત અનુસાર, ગુમ થનાર હનિફશા ઘોરણ ૫ સુધીનો અભ્યાસ કરેલો છે. જ્યારે તેઓ ગુમ થયા ત્યારે તેમણે કોફી કલરનું ટીશર્ટ અને કોફી કલરનું નાઈટ પેન્ટ પહેરેલું હતું. હાલ આ બનાવની આગળની તપાસ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ ચુડાસમાએ હાથ ધરી છે.

જ્ઞાનદીપના શિક્ષકનું અગ્નિસ્નાન

બે વર્ષ પૂર્વે પત્ની સાથે છૂટાછેડા બાદ છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાં રહેતા યુવાને કેરોસીન છાંટી અંતિમ પગલું ભર્યું

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેરના આંબેડકર નગર શેરી નંબર ૧ માં સરકારી સ્કૂલની બાજુમાં રહેતા ૩૫ વર્ષીય મિતેશભાઈ જયસુખભાઈ તરૈયા નામના યુવાને આજે બપોરે બે વાગ્યાની આસપાસ પોતાના શરીરે કેરોસીન છાંટી આગ ચાંપી દઈને આપઘાત કરી લીધો છે. મિતેશભાઈ પોતાની જાતે કેરોસીન છાંટીને ભડભડ સળગતી અવસ્થામાં ઘરની બહાર શેરીમાં નીકળી આવ્યા હતા. આ ભયાવહ દ્રશ્ય જોઈને આજુબાજુના પાડોશીઓ તુરંત દોડી આવ્યા હતા અને ગોદડા નાખીને આગ બુજાવવાનો ભારે પ્રયાસ કર્યો હતો. જોકે તેઓ એટલી હદે દાઝી ગયા હતા કે તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ વાતની પુષ્ટિ સ્થળ ઉપર બોલાવાયેલા ૧૦૮ના ઈએમટી ડો. નીલેશભાઈએ કરી હતી. આ હૃદયદ્રાવક બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.



મિતેશભાઈ રાજકોટમાં પોતાનું મકાન ધરાવતા હોવા છતાં તેમાં રહેતા ન હતા પરંતુ કોઠારીયા રોડ ઉપર, રણુજા મંદિર પાસેના વિસ્તારમાં આવેલા પોતાના બહેન અને બનેવી સાથે રહેતા હતા. તેઓ વ્યવસાયે કોઠારિયા રોડ ઉપર, કોઠારિયા ગામ પાસેની જ્ઞાનદીપ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. બનાવ બાબતે વધુ વિગતો આપતા માલવિયા નગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.પી. રાઠોડએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે મૃતક મિતેશભાઈના સાત વર્ષ પહેલા લગ્ન થયા હતા અને બે વર્ષ પૂર્વે જ તેમના પત્ની સાથે છૂટાછેડા થયા હતા. તેમને સંતાનમાં કોઈ નથી. મિતેશભાઈ તેમના પિતા જયસુખભાઈના એકના એક પુત્ર હતા અને તેમને એક પરણિત બહેન છે. મૃતકના પિતા વર્ષો પહેલા અવસાન પામ્યા છે અને માતાનું કોરોના સમયગાળા દરમિયાન અવસાન થયું હતું. પરિવારજનોના જણાવ્યા અનુસાર મિતેશભાઈ છેલ્લા પંદરથી વીસ દિવસથી અત્યંત ગુમસુમ રહેતા હતા અને ડિપ્રેશનમાં હતા. મૃતક પાસેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી પરંતુ માનસિક તણાવ અને ડીપ્રેશનને કારણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ બનાવની વધુ તપાસ માલવિયા નગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સી.પી.રાઠોડે હાથ ધરી છે.

જે કહેવું તે કરવું સાકાર કરતા મુખ્યમંત્રી

નબળો બ્રીજ બનાવનાર કોન્ટ્રાક્ટર સામે FIR

કરજણ નદી પરના બ્રિજમાં ગંભીર ગુણવત્તાકીય ક્ષતિઓ સામે આવતા કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદની ફોજદારી કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૮

નર્મદા જિલ્લામાં રાજપીપળા-રામગઢ (નવાગામ) રોડ ઉપર કરજણ નદી પરના મેજર બ્રિજના બાંધકામની નબળી ગુણવત્તા અંગે કોન્ટ્રાક્ટર સામે અસરકારક અને કડક પગલાં લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગને આ બ્રિજના બાંધકામમાં સંકળાયેલા મેસર્સ રોયલ ઇન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત સામે ફોજદારી ફરિયાદ-FIR દાખલ કરવાના દિશાનિર્દેશો આપવાને પગલે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં FIR કરવામાં આવી છે.

રાજપીપળા અને રામગઢ આસપાસના વિસ્તારો માટે ખૂબ જ અગત્યતા ધરાવતા આ બ્રિજની કામગીરી ગુણવત્તાયુક્ત ન હોવાથી આ પુલ જોખમી જણાયો હતો. બ્રિજના નિરીક્ષણ અને પરીક્ષણ બાદ આ પુલના ઇજારદાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત નબળી કામગીરી માટે સંબંધિત અધિકારી અને કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવાના આદેશો આપવામાં આવ્યાં છે.

માર્ગ અને મકાન વિભાગે આ બ્રિજનું કામ ૨૦૧૮-૨૦૧૯ માં ઇજારદાર મેસર્સ રોયલ ઇન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ., સુરત ને સોંપેલું હતું. આ કામની ટેન્ડર રકમ રૂ. ૧૦.૭૧ કરોડ હતી અને કામગીરી શરૂ કરવાની તારીખ તા. ૧૫/૦૯/૨૦૧૮ હતી તથા કામગીરી ભૌતિક રીતે ખરેખર તારીખ ૧૪/૦૮/૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી.



વિભાગ દ્વારા બ્રિજની ચકાસણી દરમિયાન એક ફાઉન્ડેશન સેટલ થવાનું ધ્યાને આવેલ હતું. આ ક્ષતિ જણાતા ક્વોલિટી કંટ્રોલ પ્રભાગ દ્વારા સંપૂર્ણ બ્રિજનું પરીક્ષણ-નિરીક્ષણ કરવા જણાવ્યું હતું. તેમાં તપાસમાં બ્રિજના અન્ય ભાગોમાં પણ ક્ષતિ ધ્યાને આવી હતી. બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું જણાતાં તેના પર વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પણ પડી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગંભીર ક્ષતિ ધ્યાને લઈને બ્રિજના બાંધકામ કરનારા કોન્ટ્રાક્ટર મેસર્સ રોયલ ઇન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ. તથા તેના પ્રતિનિધિઓ સામે લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અન્વયે ફોજદારી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, તેમણે બ્રિજના બાંધકામમાં થયેલી નબળી કામગીરી અને સંબંધિત બેદરકારી અંગે જવાબદાર અધિકારીઓ સામે પણ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવા આદેશ આપ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, રાજ્ય સરકાર જાહેર બાંધકામોમાં ગુણવત્તા અને સલામતી સાથે કોઈ બાંધછોડ ચલાવી લેવા માગતી નથી.

મુખ્યમંત્રી અવાર નવાર કહેછે કે બાંધકામની ગુણવત્તામાં ગંભીર ક્ષતિઓ અને જવાબદારીમાં બેદરકારી સામે કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે આ કડક કાર્યવાહીથી તેમની એ વાત સાકાર થઈ છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલી 'જે કહેવું તે કરવું'ની કાર્યશૈલીનું વધુ એક ઉદાહરણ મુખ્યમંત્રીએ પૂરું પાડ્યું છે.

વિંછીયાના હત્યા કેસમાં માતા-પુત્ર નિર્દોષ જાહેર

ફરિયાદી પક્ષ ફરિયાદ સાબિત ન કરી શકતા એડીશનલ સેસન્શ કોર્ટનો હુકમ

રાજકોટ, તા.૧૮

રાજકોટ જીલ્લાના વિંછીયા ગામે પોતાના જ પિતાની હત્યા કરવાના ગુનાના આરોપસર પકડાયેલા આરોપી સંજય ગટુરભાઈ રાજપરા (ઉ.વ.૩૦) તથા તેમના માતા પંખુબેન ગટુરભાઈ રાજપરા (ઉ.વ.૬૪), રહે. શિવાજીપરા, વિંછીયા વાળા સામે કેસ ચાલી જતા રાજકોટના એડીશનલ સેસન્સ જજએ રજુ થયેલા પુરાવાઓ અને ગુણદોષ ઉપર બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.



આ ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વિજયભાઈ શામજીભાઈ રાજપરાએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ ફરીયાદ નોંધાવેલી કે, ગઈ તા.૦૩/૦૪/૨૦૨૪ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના તેઓ પોતાની વાડીએ ગયા ત્યારે બાજુમાં આવેલી તેમના કાકા ગટુરભાઈ સવજીભાઈ રાજપરાની વાડીએ દેકારો થતો હોય, તેમણે જોયુ તો કાકા ગટુરભાઈ નીચે પડ્યા હતા અને આરોપી નં.૧ સંજય (કાકાનો દીકરો) અને આરોપી નં.૨ પંખુબેન (કાકી) બંને ઢીકાપાટુ મારતા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે ગટુરભાઈ બેભાન હાલતમાં હોવાની જાણ થતા તેમને વિંછીયા સરકારી દવાખાને લઈ જવાયેલ, જ્યાં ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બાબતે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૨૩, ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો.જરૂરી કાયદાકીય પ્રક્રિયાને અંતે તપાસ કરનાર અધીકારી દ્વારા આરોપીઓની અટક કરી પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરાયું હતું અને કેસ રાજકોટની સેસન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો.

ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી, મૃતકના ભાઈ-ભાભી, સ્વતંત્ર સાહેદો, પંચ સાહેદો, ડોકટર તેમજ પોલીસ સાહેદો સહિતના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવ્યા હતા. આરોપીઓ તરફે જરૂરી રજુઆતો કરવામાં આવી હતી કે, ફરીયાદી તેમજ અન્ય સ્વતંત્ર સાહેદો અને પંચ સાહેદો હોસ્ટાઈલ થયાછે, બનાવને નજરે જોનાર કોઈ સાહેદ નથી, એફ.એસ.એલ. રીપોર્ટમાંથી કોઈ મહત્વની હકીકત બહાર આવતી નથી, ફરીયાદ મોડી દાખલ થઈ છે જેનો કોઈ વ્યાજબી ખુલાસો નથી તેમજ તપાસમાં ખામીઓ રહેલી છે, જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરી શક્યો નથી અને આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરાઈ હતી.

ઉપરોક્ત તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ રાજકોટના એડીશનલ સેસન્સ જજ મંતવ્ય ઉપર આવ્યા હતા કે ફરીયાદી અને અન્ય મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નથી, પંચ સાહેદો પણ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી, મેડીકલ પુરાવાથી માત્ર મૃત્યુનું કારણ જાણી શકાય છે અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય, ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરી શક્યો નથી તેથી બંને આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરાયો છે.

આરોપી સંજય ગટુરભાઈ રાજપરા અને પંખુબેન ગટુરભાઈ રાજપરા વતી રાજકોટના યુવા એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, મીતેશ એચ. ચાનપુરા તેમજ પ્રહલાદસિંહ બી, ઝાલા રોકાયા હતા.

અમદાવાદ એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ ઘુસણખોરીનો પર્દાફાશ : બેની ધરપકડ

વિયેટનામથી લવાયેલો કરોડોનો ગાંજો ઝડપાયો

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટને મોટી સફળતા

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતના પાટનગર અને આસપાસના વિસ્તારોમાં નશીલા પદાર્થોનું નેટવર્ક તોડી પાડવા માટે સુરક્ષા એજન્સીઓ સતત સતર્ક છે, ત્યારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી કરોડો રૂપિયાનો માદક પદાર્થ ઝડપાવાનો વધુ એક મોટો કિસ્સો સામે આવ્યો છે. એરપોર્ટ પર તૈનાત કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા વિયેટનામથી આવેલી એક ફ્લાઈટના મુસાફરો પર વોચ રાખીને કન્સાઈનમેન્ટ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

મળેલી વિગતો અનુસાર, વિદેશથી આવતી ફ્લાઈટ્સ મારફતે નશીલા પદાર્થોની તસ્કરી થતી હોવાની આશંકાને પગલે કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા એરપોર્ટ પર શંકાસ્પદ મુસાફરો પર સઘન વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન વિયેટનામથી અમદાવાદ એરપોર્ટ આવી પહોંચેલા બે મુસાફરોની હિલચાલ અને વર્તણૂક શંકાસ્પદ જણાતાં કસ્ટમ્સના અધિકારીઓએ તેમને અટકાવીને પૂછપરછ હાથ ધરી હતી. શરૂઆતમાં મુસાફરોએ સંતોષકારક જવાબ ન આપતાં અધિકારીઓને શંકા વધુ દ્રઢ બની હતી.



ત્યારબાદ કસ્ટમ્સ ટીમે બંને મુસાફરોના સામાનની ઝીણવટભરી અને સઘન તપાસ શરૂ કરી હતી. સામાનનું ચેકિંગ કરતી વખતે તેમાંથી એલ્યુમિનિયમ ફોઈલ અને કાળા પ્લાસ્ટિકમાં સીલબંદ રેપ કરેલા સાત જેટલા મોટા અને શંકાસ્પદ પેકેટો મળી આવ્યા હતા. આ પેકેટ્સ ખોલીને જોતાં તેમાં માદક પદાર્થ હોવાની ગંધ આવતી હતી.

મળી આવેલા પદાર્થની ચોક્કસ ઓળખ માટે કસ્ટમ્સ તંત્રે તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમની મદદ લીધી હતી. FSLના નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ પ્રારંભિક કેમિકલ અને સાયન્ટિફિક ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પ્રારંભિક પરીક્ષણના રિપોર્ટમાં આ તમામ સાતેય પેકેટોમાં ગાંજા (કેનાબિસ)ના સક્રિય ઘટકો હોવાની સ્પષ્ટ પુષ્ટિ થઈ હતી. FSL રિપોર્ટના આધારે કસ્ટમ્સ તંત્રે કરોડોની કિંમતનો આ ગેરકાયદેસર જથ્થો જપ્ત કરીને બંને મુસાફરોની કાયદેસરની અટકાયત કરી છે. હાલ કસ્ટમ્સ વિભાગ દ્વારા આ મામલે નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી રહી છે. આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલ પાછળ કયા મોટા માથાંઓ સામેલ છે, વિયેટનામથી આ જથ્થો કોણે મોકલ્યો હતો અને ગુજરાતમાં આ પદાર્થ કોને ડિલિવરી કરવાનો હતો તે તમામ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

અવસાન નોંધ

રાજકોટ : સ્વ. કાંતિભાઈ (લાડકી ગ્રુપ) કુંડલીયાના પત્ની હીરાબેન કાંતિભાઈ કુંડલીયા (ઉં.૮૫) તે સ્વ. જીતુભાઈ, અજયભાઈ, ધર્મેશભાઈ, કિરણબેન ઠક્કરના માતાનું તા.૧૮ના રોજ અવસાન થયું છે.બેસણું, પિયર પક્ષની સાદડી તા.૧૯ને સોમવારે,સાંજે ૫ થી ૬, અવધેશ્વર મહાદેવ મંદિર, ઓસ્કાર સ્કાય પાર્કની બાજુમાં, સિદ્ધિવિનાયક સોસાયટી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ છે.

રાજકોટની બેડી ચોકડીથી બોલેરો પીકઅપનો ફિલ્મી ઢબે પીછો કરાયો
ભગવતીપરા ચોકી નજીક પટેલ મેડિકલ સ્ટોર સામે જીવદયા પ્રેમીઓએ વાહન આંતર્યું

કતલખાને લઈ જવાતાં ૧૧ પશુને બચાવ્યા

વાંકાનેરના અફઝલ અને હનીફ નામના બે શખ્સો ઝડપાયાઃ ટૂંકા દોરડાથી ક્રૂર રીતે બાંધેલા ૯ પાડા અને ૨ પાડી મળી રૂ. ૩.૪૧ લાખનો મુદ્દામાલ જપ્તઃ બી-ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો

રાજકોટ તા. ૧૮

શહેરના બેડી ચોકડી અને ભગવતીપરા વિસ્તારમાં કતલખાને લઈ જવાતા પશુઓને બચાવવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ચોટીલાના જીવદયાપ્રેમી અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા યુવકે પોતાના સાથીઓ સાથે મળીને વાંકાનેર તરફથી આવતી એક બોલેરો પીકઅપ ગાડીનો પીછો કરી તેને અટકાવી હતી. વાહનની તપાસ કરતા અંદરથી અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલા ૧૧ પશુઓ (૯ જીવંત પાડા અને ૨ જીવંત પાડી) મળી આવ્યા હતા. પશુઓને પાણી, ઘાસચારા કે રેતીની કોઈ વ્યવસ્થા વગર કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા હોવાથી જીવદયા પ્રેમીઓએ તુરંત ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી વાહન તથા અંદર બેઠેલા બંને શખ્સોને બી-ડિવિઝન પોલીસ સ્ટેશને સોંપ્યા હતા. પોલીસે આ મામલે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી રૂ. ૩.૪૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

બનાવની વિગતવાર માહિતી અનુસાર, ચોટીલાના ટાવર ચોક વિસ્તારમાં રહેતા અને મહિલા અંડરબ્રિજ પાસે કોસ્મો કોમ્પ્લેક્સમાં 'જય રામનાથ ટ્રાન્સપોર્ટ' ચલાવતા જીવદયાપ્રેમી પોતાના મિત્ર જયનીલભાઈ મહિમનભાઈ ઉપાધ્યાય (ઉ.વ. ૨૫, રહે. ચોટીલા) સાથે પોતાની ગ્લાંઝા ટોયોટા કાર લઈને રાજકોટ બેડી ચોકડી ખાતે હાજર હતા. તે દરમિયાન તેમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, એક બોલેરો પીકઅપ વાન નંબર જીજે-૦૩-ઇટ-૬૭૬૩માં ગેરકાયદેસર રીતે પશુઓ ભરીને કતલખાને લઈ જવાના ઈરાદાથી વાંકાનેર તરફથી રાજકોટ શહેર બાજુ આવી રહી છે. બાતમી મળતાં જ તેમણે સાથીઓ સાથે બેડી ચોકડી ખાતે વોચ ગોઠવી હતી. બપોરના આશરે ૨:૨૫ વાગ્યાના સુમારે વાંકાનેર તરફથી શંકાસ્પદ બોલેરો પીકઅપ આવતાં તેને રોકવાનો ઈશારો કરાયો હતો, પરંતુ ચાલકે ગાડી ઊભી રાખવાને બદલે બેડી ચોકડીથી ભગવતીપરા તરફ જવાના રોડ પર ભગાડી મૂકી હતી.

આથી જીવદયા પ્રેમીઓએ પોતાની કારમાં બોલેરોનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. આશરે બપોરે ૨:૪૦ વાગ્યે ભગવતીપરા ચોકીથી થોડે આગળ


FILE IMAGE

આવેલ પટેલ મેડિકલ સ્ટોર સામે જીવદયા પ્રેમીઓએ બોલેરો પીકઅપ ગાડીને આંતરીને ઊભી રખાવી હતી. ગાડીના પાછળના ભાગે ચેક કરતા અંદર જીવંત ૯ પાડા અને ૨ પાડી મળી કુલ ૧૧ પશુઓ ભરેલા મળી આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું હતું કે તમામ પશુઓને ટૂંકા દોરડાથી અત્યંત ક્રૂર રીતે બાંધવામાં આવ્યા હતા. વાહનમાં નીચે માટી કે રેતી રાખવામાં આવી નહોતી, તેમજ પશુઓ માટે પીવાના પાણી કે ઘાસચારાની પણ કોઈ સગવડ નહોતી. પશુઓને પાસ-પરમિટ વગર અમાનવીય સ્થિતિમાં કતલખાને લઈ જવાતા હોવાનો પૂરો શંકાસ્પદ મામલો હોય, જીવદયા પ્રેમીઓએ તાત્કાલિક જન રક્ષક ૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમની પીસીઆર-૧૧૨ વાન સ્થળ પર પહોંચી હતી અને બોલેરો ગાડી સહિત તેના ડ્રાઈવર અને બાજુમાં બેઠેલા શખ્સને બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યાં બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. કે.એસ. ભગોરા અને સ્ટાફે નિષ્પક્ષ પંચોની હાજરીમાં વિગતવાર પૂછપરછ હાથ ધરી હતી. બોલેરો ગાડીના ચાલકે પોતાનું નામ અફઝલભાઈ કરીમભાઈ લાખા (જાતે મુસ્લિમ, ઉ.વ. ૨૮, ધંધો-ડ્રાઈવિંગ, રહે. લક્ષ્મીપરા મેઈન રોડ, વાંકાનેર, જી. મોરબી) અને બાજુમાં બેઠેલા શખ્સે પોતાનું નામ હનીફભાઈ ઈસ્માઈલભાઈ સિદાંત (જાતે મુસ્લિમ, ઉ.વ. ૩૯, ધંધો-મજૂરી કામ, રહે. લક્ષ્મીપરા મેઈન રોડ, વાંકાનેર, જી. મોરબી) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે પંચોની રૂબરૂમાં કાયદેસરનું પંચનામું કરી પશુઓ તથા વાહન જપ્ત કર્યું હતું. જેમાં એક પાડાની કિંમત રૂ. ૩,૫૦૦ લેખે ૯ પાડાની કિંમત રૂ. ૩૧,૫૦૦ તથા એક પાડીની કિંમત રૂ. ૫,૦૦૦ લેખે ૨ પાડીની કિંમત રૂ. ૧૦,૦૦૦ ગણી કુલ ૧૧ ભેંસવંશ પશુઓની કિંમત રૂ. ૪૧,૫૦૦ તથા બોલેરો પીકઅપ વાનની કિંમત રૂ. ૩,૦૦,૦૦૦ ગણી કુલ રૂ. ૩,૪૧,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. બી-ડિવિઝન પોલીસે બંને આરોપીઓ સામે 'પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦' ની કલમ-૧૧(૧)(એ), (એચ), (ઈ), 'ધ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯' ની કલમ-૩૩૫ તથા 'ધ સેન્ટ્રલ વ્હિકલ એક્ટ ૨૦૧૫' ની કલમ ૧૨૫ (ઈ), ૧૭૭ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં એચડીએફસી બેંકના મેનેજર સામે યુનિવર્સિટી પોલીસમાં ગુનો નોંધાયો

બેંકના સેટલમેન્ટના નામે ૩.૯૦ લાખની ઠગાઈ

લીગલ મેનેજર મિત્ર પાસેથી ક્રેડિટ કાર્ડ અને કાર લોનના કેસનું સમાધાન કરાવવા નાણાં મેળવી અંગત સ્વાર્થ માટે વાપરી નાખ્યાઃ મકાનના ખોટા દસ્તાવેજો આપી છેતરપિંડી આચરનાર યોગેશકુમાર ગોસાઈ સામે કાર્યવાહી

રાજકોટ તા. ૧૮

શહેરમાં બેંકના કેસોનું સેટલમેન્ટ કરાવી આપવાના બહાને વિશ્વાસ કેળવી મોટી રકમની છેતરપિંડી આચરવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ખુશ્બુ ઓટો ફાઇનાન્સમાં લીગલ મેનેજર તરીકે નોકરી કરતા મનોહરસિંહ બારૈયા પાસેથી ઈંઉઋજ્ઞ એગ્રીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા તેમના પરિચિત યોગેશકુમાર છોટુપુરી ગોસાઈએ મિત્રના ક્રેડિટ કાર્ડ અને કાર લોનના બેંક કેસોમાં સમાધાન કરાવી દેવાનું કહી રોકડા રૂ. ૩,૯૦,૦૦૦ મેળવી લીધા હતા. આ રકમ બેંકમાં જમા કરાવવાને બદલે આરોપીએ પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખી ઠગાઈ આચરી હતી. આ અંગે ભોગ બનનારની ફરિયાદના આધારે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બનાવની વિગતવાર માહિતી અનુસાર, ગોંડલના જેતપુર રોડ પર આવેલી સુધરાય સોસાયટીમાં રહેતા અને રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલા જીમ્મી ટાવરમાં ખુશ્બુ ઓટો ફાઇનાન્સમાં લીગલ મેનેજર તરીકે કામ કરતા મનોહરસિંહ ભાવસિંહ બારૈયા (ઉ.વ. ૫૫) રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને ઈંઉઋજ્ઞ એગ્રીમાં મેનેજર તરીકે નોકરી કરતા યોગેશકુમાર છોટુપુરી ગોસાઈને છેલ્લા આશરે પાંચેક વર્ષથી ઓળખતા હતા. ગત તારીખ ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મનોહરસિંહ બારૈયાએ પોતાના મિત્ર પ્રતાપભાઈ મોઢવાડિયાના પત્ની ગીતાબેન મોઢવાડિયાના ઈંઉઋજ્ઞ બેંકમાં ચાલી રહેલા ક્રેડિટ કાર્ડ કેસ (નં. ૩૪૬૬/૨૦૨૧) તથા કાર લોન કેસ (નં. ૧૩૭૪૭/૨૦૨૨) ની લીગલ મેટરમાં સમાધાન કરાવવા અંગે યોગેશકુમાર સાથે વાતચીત કરી હતી. યોગેશકુમારે બેંકમાં પોતાના જાણીતા અધિકારીઓ હોવાનું કહી બંને કેસોનું સેટલમેન્ટ રૂ. ૩,૯૦,૦૦૦ માં કરાવી આપવાની ખાતરી આપી હતી.

જેથી ગત ઓક્ટોબર ૨૦૨૫ માં મનોહરસિંહ બારૈયાએ ગીતાબેન મોઢવાડિયા પાસેથી લોન સેટલમેન્ટ પેટેના રૂ. ૩,૯૦,૦૦૦ રોકડા મેળવ્યા હતા. ત્યારબાદ નવી કોર્ટ પાસે જામનગર રોડ પર આવેલી એડવોકેટ પ્રદીપભાઈ એચ. રેણુકાની ઓફિસે યોગેશકુમારને બોલાવીને એડવોકેટની હાજરીમાં આ રૂ. ૩,૯૦,૦૦૦ રોકડા આપ્યા હતા. યોગેશકુમારે બે-ત્રણ દિવસમાં બેંકમાં નાણાં જમા કરાવ્યાની પહોંચ અને સેટલમેન્ટ લેટર આપી દેવાનું વચન આપ્યું હતું. ત્રણ દિવસ બાદ અવારનવાર માગણી કરવા છતાં યોગેશકુમારે પહોંચ કે સેટલમેન્ટ લેટર આપ્યો નહોતો. આથી શંકા જતાં મનોહરસિંહ બારૈયાએ જાતે ઈંઉઋજ્ઞ બેંકમાં તપાસ કરાવતા માલૂમ પડ્યું હતું કે, આરોપી યોગેશકુમારે બેંકમાં આવી કોઈ રકમ જમા કરાવી જ નથી.

આ અંગે મનોહરસિંહ બારૈયાએ કડક પૂછપરછ કરતાં યોગેશકુમારે સ્વીકાર્યું હતું કે તેણે આ રકમ બેંકમાં જમા કરાવી નથી પરંતુ પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખી છે. બાદમાં સમાધાન પેટે મનોહરસિંહ બારૈયાને પોતાનો કેસ પૂરો કરવા માટે બેંકમાં અલગથી તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ રૂ. ૧,૫૮,૧૬૫ તેમજ તા. ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ રૂ. ૨,૭૫,૦૦૦ અને રૂ. ૨,૨૦,૦૦૦ મળી મોટી રકમ જાતે ભરવી પડી હતી. આ દરમિયાન યોગેશકુમારે પોતાના મકાનના દસ્તાવેજની ફાઈલ આપી તેના પર લોન કરાવી પૈસા વસૂલ કરી લેવા જણાવ્યું હતું, પરંતુ તપાસ કરતા તે મિલકત પર અગાઉથી જ લોન ચાલુ હતી અને તે મિલકત આરોપીના નામે પણ ન હોવાનું ખુલ્યું હતું.



પૈસા પરત મેળવવાની આશામાં આટલો સમય રાહ જોયા બાદ આખરે છેતરપિંડી થયાનો સ્પષ્ટ અહેસાસ થતાં મનોહરસિંહ બારૈયાએ ગત તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ પોલીસમાં અરજી આપી હતી. ત્યારબાદ આ મામલે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. આર.એમ. સાખરાએ ફરિયાદીનું નિવેદન નોંધી, એચડીએફસી એગ્રીના મેનેજર યોગેશકુમાર છોટુપુરી ગોસાઈ (રહે. ગૌતમનગર, નવજીવન હાઈસ્કૂલ પાસે, રાજકોટ) સામે ગેરકાયદેસર રીતે નાણાં ઓળવી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા બદલ ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

૪.૫૦ લાખની મૂળ રકમ સામે મનીષાબેને જુદા જુદા હપ્તામાં કુલ રૂ. ૬,૮૫,૦૦૦ ચૂકવ્યા છતાં ધરાયો નગલિ

વ્યાજખોરીથી કંટાળી મહિલા કર્મીનો આપઘાતનો પ્રયાસ

અધિકારીના ડ્રાઇવર મિરાન્ત ગુજરાતી સામે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદઃ ૧૦ ટકા વ્યાજ વસૂલી બે કોરા ચેક અને મકાનનું લખાણ પડાવી લીધાનો ચોંકાવનારો આક્ષેપ



રાજકોટ, તા. ૧૮

શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે, ત્યારે રેલવે વિભાગમાં આસિસ્ટન્ટ ખલાસી તરીકે નોકરી કરતી એક વિધવા મહિલા વ્યાજખોરના ત્રાસ અને ધમકીઓથી કંટાળીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કોઠી કમ્પાઉન્ડ રેલવે ક્વાર્ટરમાં રહેતા અને પુત્રના લગ્ન પ્રસંગે નાણાંની જરૂરિયાત ઊભી થતાં ઉંચા વ્યાજે પૈસા લેનાર મનીષાબેન વાળા (ઉ.વ. ૪૫) નામના મહિલા કર્મચારીએ વ્યાજખોરની અસહ્ય ઉઘરાણી અને નોકરી મુકાવી દેવાની ધમકીથી કંટાળીને ઊંઘની ગોળીઓ ગળી લીધી હતી. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલમાંથી સારવાર મેળવ્યા બાદ મહિલાએ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં વ્યાજખોર સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

બનાવની વિગતવાર માહિતી અનુસાર, ફરિયાદી મનીષાબેન વાળા પોતાના પરિવાર સાથે રાજકોટમાં રહે છે અને રેલવે વિભાગમાં આસિસ્ટન્ટ ખલાસી તરીકે સેવા આપી પરિવારનું ગુજરાન ચલાવે છે. આશરે દોઢ વર્ષ પહેલાં તેમની ઓળખાણ પોતાના ઉપરી અધિકારીના ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા મિરાન્ત ભાવેશભાઈ ગુજરાતી (રહે. લક્ષ્મીવાડી ક્વાર્ટર, રાજકોટ) સાથે થઈ હતી. મિરાન્ત વ્યાજે નાણાં આપવાનો ધીરધારનો ધંધો કરતો હોવાની જાણ થતાં, મનીષાબેને માર્ચ ૨૦૨૫માં પોતાના પુત્ર સચિનના લગ્ન માટે મિરાન્ત પાસેથી પ્રથમ રૂ. ૨,૫૦,૦૦૦ માસિક ૧૦ ટકાના ઉંચા વ્યાજે લીધા હતા. આ રકમનું દર મહિને રૂ. ૨૫,૦૦૦ લેખે સતત છ મહિના સુધી કુલ રૂ. ૧,૫૦,૦૦૦ વ્યાજ ચૂકવ્યું હતું.

ત્યારબાદ નાણાકીય ખેંચાણ ઊભી થતાં મનીષાબેને પોતાના પુત્રના નામે વધુ રૂ. ૨,૦૦,૦૦૦ ફરીથી ૧૦ ટકા વ્યાજે લીધા હતા. આમ, દર મહિને રૂ. ૪૫,૦૦૦ વ્યાજના હપ્તા લેખે તેમણે સતત ત્રણ મહિનામાં રૂ. ૧,૩૫,૦૦૦ ચૂકવ્યા હતા. એક મહિને વ્યાજ ભરી ન શકાતાં, વ્યાજખોર મિરાન્તે ચડી ગયેલા વ્યાજના રૂ. ૪૫,૦૦૦ને મૂળ મૂડીમાં ઉમેરી દઈ કુલ રૂ. ૫,૦૦,૦૦૦ની મૂડી ગણી લીધી હતી. આ નવી મૂડી પર પણ છેલ્લા આઠેક મહિનાથી દર મહિને ૧૦ ટકા લેખે રૂ. ૫૦,૦૦૦ના આઠ હપ્તામાં કુલ રૂ. ૪,૦૦,૦૦૦ વ્યાજ પેટે વસૂલ્યા હતા. આ રીતે રૂ. ૪.૫૦ લાખની મૂળ રકમ સામે મનીષાબેને અત્યાર સુધીમાં જુદા જુદા હપ્તામાં કુલ રૂ. ૬,૮૫,૦૦૦ જેટલી મસમોટી રકમ માત્ર વ્યાજ પેટે ચૂકવી દીધી હોવા છતાં વ્યાજખોરની ભૂખ સંતોષાઈ નહોતી.

આટલું ઓછું હોય તેમ, વ્યાજખોર મિરાન્તે સિક્યુરિટીના નામે મનીષાબેનના પુત્ર સચિન અને પુત્રવધૂ લક્ષ્મીના નામના બે કોરા ચેક, તેમના ઓળખના પુરાવા તથા કાલાવાડ રોડ પર આવેલા મકાનનું લખાણ પણ પડાવી લીધું હતું. છેલ્લા એકાદ મહિનાથી વ્યાજનો હપ્તા ચૂકવવામાં વિલંબ થતાં મિરાન્ત અવારનવાર ફોન પર તથા રૂબરૂ ઘરે આવી ભૂંડી ગાળો આપી ધાક-ધમકીઓ આપતો હતો અને નોકરી મુકાવી દેવાની ધમકીઓ આપતો હતો. આ સતત માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળી જઈ મનીષાબેને ગત તા. ૧૪ ઓક્ટોબરના રોજ સવારે મેડિકલ સ્ટોરમાંથી ઊંઘની ગોળીઓ ખરીદીને ગળી લીધી હતી.

ઝેરી અસર થતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક અસરથી સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં સમયસરની તબીબી સારવાર બાદ તેમનો જીવ બચી ગયો હતો. હોસ્પિટલમાંથી રજા મળતાં જ મનીષાબેને પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન ખાતે પહોંચી આપવીતી જણાવી હતી. આ મામલે પ્ર.નગર પોલીસ સ્ટેશનના પો. સબ.ઈન્સ. કે.કે. ચાવડાએ મહિલાનું નિવેદન નોંધી, વ્યાજખોર મિરાન્ત ભાવેશભાઈ ગુજરાતી સામે ગેરકાયદેસર ઉંચુ વ્યાજ વસૂલવા, બળજબરીથી ચેક તથા મકાનના કાગળો પડાવી લેવા, ગાળો ભાંડવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની કાયદેસરની * ૮ હાથ ધરી છે.

જામ કંડોરણાના વેપારીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસમાં ૪ શખ્સો સામે ગુનો નોંધાયો

લીલી સાજડીયાલીમાં જમીન હડપ કરવાનો કારસો

જમીન જોવા આવનાર પાર્ટીને 'ટાંટિયા ભાંગી નાખવાની' ધમકી : માલિકે સીસીટીવી કેમેરા મુકાવતા આરોપીઓની ગેરકાયદે હિલચાલ પેન ડ્રાઈવમાં કેદ થઈ



રાજકોટ તા. ૧૮

જામ કંડોરણાના વેપારીની રાજકોટ તાબેના લીલી સાજડીયાલી ગામની જમીન હડપ કરવાનો પ્રયાસ અને જમીન જોવા આવનારને ધમકી આપવાના મામલે ૪ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

વિગતો જોઈએ તો તાલુકાના લીલી સાજડીયાલી ગામે આવેલી વેપારીની કરોડોની કિંમતની જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવવા અને જમીન ખરીદવા આવતી પાર્ટી ઓને પગ ભાંગી નાખવાની ધમકી આપી ભયનો માહોલ ઊભો કરવા બદલ ચાર શખ્સો સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. જામ કંડોરણાના વેપારીએ સીસીટીવી કેમેરાના આધારે પુરાવા એકઠા કરીને ચારેય આરોપીઓ સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જામ કંડોરણા ખાતે લાતી પ્લોટ વિસ્તારમાં રહેતા અને ડ્રીપ ઈરિગેશનનો વેપાર કરતા પરષોતમભાઈ લખમણભાઈ દોંગા (ઉ.વ. ૫૬) એ આજીડેમ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેમણે પોતાના વેવાઈ રાજુ ભાઈ તેજાભાઈ ડોબરીયા પાસેથી લીલી સાજડીયાલી ગામની 'નેસડા' તરીકે ઓળખાતી સીમમાં આવેલી રેવન્યુ સર્વે નંબર ૨૯ પૈકી ૧ વાળી ૯૯ ગુણઠા જમીન ગત તા. ૧૬/૭/૨૦૨૬ ના રોજ વેચાણ દસ્તાવેજ નંબર ૫૫૫૬/૨૦૨૬ થી ખરીદ કરી હતી. આ જમીન વેચાતી લીધા બાદ હાલમાં પણ તેના વાવેતરની જવાબદારી તેમણે પોતાના વેવાઈ રાજુભાઈને સોંપેલી છે.

પરષોતમભાઈએ ફરિયાદમાં વધુમાં ખુલાસો કર્યો હતો કે, આ જમીન ખરીદતા પહેલા તેમના વેવાઈ રાજુભાઈ તેમના જ ગામના નારણભાઈ મકવાણાને ભાગીયા તરીકે જમીન વાવવા આપતા હતા. જોકે નારણભાઈના પુત્ર અશ્વીન ઉર્ફે અમિતની દાનત આ જમીન પચાવી પાડવાની મેલી હોય તેવું જણાઈ આવતા વેવાઈએ જમીન વેચી નાખવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ પરષોતમભાઈએ આ જમીન ખરીદી હતી અને આગળ વેચવાના હેતુથી તેમાં લાઈવ સીસીટીવી કેમેરા પણ ગોઠવ્યા હતા. જેનું સીસીટીવી રેકોર્ડિંગ તેમના જમાઈ સંજયના મોબાઈલ ફોનમાં લાઈવ થતું હતું.

ત્યારબાદ જમીન જોવા આવનાર પાર્ટીને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આશરે દોઢેક મહિના પહેલા વેવાઈ રાજુભાઈએ પરષોતમભાઈને જાણ કરી હતી કે જમીન ખરીદવા માટે જ્યારે કોઈ પાર્ટી જમીન જોવા માટે જાય છે, ત્યારે નારણભાઈનો પુત્ર અશ્વીન ઉર્ફે અમિત તથા તેનો મિત્ર મહેશ હરિભાઈ ત્યાં આવી પહોંચે છે. તેઓ પાર્ટીઓને એવું કહીને ડરાવે છે કે આ જમીન તેમની છે અને જો કોઈ આ જમીનમાં પ્રવેશ કરશે કે ખરીદશે તો તેના ટાંટિયા ભાંગી નાખવામાં આવશે. આવી ગંભીર ધમકીઓના કારણે જમીન ખરીદવા આવતી પાર્ટીઓ ડરીને જતી રહેતી હતી.

દરમિયાન આજથી પચીસેક દિવસ પહેલાં પરષોતમભાઈના જમાઈના ભાઈ સંદીપભાઈએ વાડીમાં લાગેલા સીસીટીવી કેમેરા ચકાસતા માલૂમ પડ્યું હતું કે, તા. ૧૧/૯/૨૦૨૬ અને તા. ૧૩/૯/૨૦૨૬ ના રોજ ચાર શખ્સો વાડીમાં ગેરકાયદેસર રીતે આંટાફેરા મારીને શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યા હતા. કેમેરાના ફૂટેજ તપાસતા તેમાં લીલી સાજડીયાલીના અશ્વીન ઉર્ફે અમિત નારણભાઈ, કિરણ ધનજીભાઈ, મહેશ હરિભાઈ તથા રાજકોટના મુકેશભાઈ સવજીભાઈ પરમાર ગેરકાયદે પ્રવેશ કરતા હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું હતું.

બનાવ અંગે વેપારી પરષોતમભાઈએ સીસીટીવી ફૂટેજની પેન ડ્રાઈવ તૈયાર કરાવી આજીડેમ પોલીસ મથકે રજૂ કરી હતી. તેમણે અશ્વીન ઉર્ફે અમિત નારણભાઈ, મહેશ હરિભાઈ, કિરણ ધનજીભાઈ અને મુકેશભાઈ સવજીભાઈ સામે ગુનાહિત અપપ્રવેશ કરવા, સમાન ઈરાદો પાર પાડી ગેરકાયદે પ્રવૃત્તિ કરવા તથા જમીન જોવા આવનાર લોકોને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધાવ્યો છે. પોલીસે ફરિયાદ અને સીસીટીવી પુરાવાના આધારે ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ પીએસઆઈ એમ.જે. વરૂ ચલાવી રહ્યા છે.


નશામાં વાહન હંકારતા અને છરી સાથે ૧૪ ઝડપાયા

કાયદો વ્યવસ્થા જળવાઈ રહે એ માટે પોલીસની વિકેન્ડ ડ્રાઈવ

રાજકોટ તા. ૧૮

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસે વિશેષ ડ્રાઈવ યોજી હતી. આ દરમિયાન પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં વાહન હંકારતા તેમજ જાહેરમાં પ્રતિબંધિત હથિયાર છરી સાથે ખુલ્લેઆમ ફરી રહેલા ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. આ તમામ કેસોમાં પોલીસે અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુનાઓ નોંધી કુલ ૧૪ જેટલા વ્યક્તિઓ સામે કાયદાકીય પગલાં લીધા છે.

દારૂના નશામાં બેફામ વાહન ચલાવી રાહદારીઓની સુરક્ષા જોખમમાં મૂકતા વાહનચાલકો વિરુદ્ધ ટ્રાફિક અને પ્રોહીબિશન એક્ટ હેઠળ કડક પગલાં લેવામાં આવ્યા છે. એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આકાશ લખનભાઈ જાદવ પોતાના કબજાના સ્પ્લેન્ડર મોટરસાયકલ પર કેફી પીણું પીધેલી હાલતમાં સર્પાકાર રીતે વાહન ચલાવતા ઝડપાઈ ગયા હતા. તેવી જ રીતે, બી-ડીવીઝન વિસ્તારમાં મનીષ નાનાલાલ ભીંડોરા પાસ-પરમીટ વગર દારૂ પીધેલી હાલતમાં એક્ટ્રીમ મોટરસાયકલ પારેવડી ચોક ખાતે ચલાવતા પકડાયા હતા. કુવાડવા રોડ પોલીસ સ્ટેશન



વિસ્તારમાં પ્રવિણ ગાંગજીભાઈ સિંધવ ગમારા પેટ્રોલ પંપ પાસે સી.ડી. મોટરસાયકલ નશાની હાલતમાં ચલાવતા ઝડપાયા હતા. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વનરાજ સવસીભાઈ કોડાદરા ખોખડદડ નદીના પુલ પાસે કાળા રંગનું હોન્ડા એક્ટિવા સર્પાકાર રીતે ચલાવતા મળી આવ્યા હતા જ્યારે આ જ વિસ્તારમાં જયંતિ છગનભાઈ કુનપરા પણ મોટરસાયકલ દારૂના નશામાં ચલાવતા ઝડપાયા હતા. આ ઉપરાંત રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જગદીશ પ્રભુલાલ મેઘવાલ નાના મવા રોડ પર ગ્લેન્ડર મોટરસાયકલ નશાની હાલતમાં ચલાવતા પકડાઈ જતા પોલીસ દ્વારા એમ.વી. એક્ટ તથા પ્રોહીબિશન એક્ટ હેઠળ કુલ ૬ કેસો નોંધવામાં આવ્યા છે.

રાજકોટ શહેરમાં પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરીને જાહેરમાં છરી જેવા તીક્ષ્ણ હથિયારો સાથે ફરીને ગુનો આચરતા અસામાજિક તત્વો સામે પણ પોલીસે સકંજો કસ્યો છે. એ-ડીવીઝન વિસ્તારમાં જ્યુબેલી શાક માર્કેટ પાસેથી યશ ઉર્ફે યશુ ગોપાલભાઈ રામાવત તથા રામનાથપરા મેઈન રોડ પરથી અલી ઈમામ વેલુર રહેમાન શેખ રૂ. ૨૦ ની કિંમતની છરી સાથે ઝડપાઈ ગયો હતો. ભક્તિનગર વિસ્તારમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ધર્મેશ મનસુખભાઈ સુમરખાણીયા છોટુનગર પાસેથી ગેરકાયદેસર છરી સાથે પકડાયો હતો. કુવાડવા રોડ વિસ્તારમાં મુકેશ કિશોરભાઈ બહુકીયા તથા આજી ડેમ વિસ્તારમાં રાજકુમાર શત્રુહન પટેલ અને કિન્દુ નિહાલાભાઈ બાભણીયા પણ પેન્ટના નેફામાં છરી છુપાવીને હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરતા ઝડપાઈ ગયા હતા. આમ, દારૂ પીને વાહન હંકારવાના અને ૪ને છરી સાથે ઝડપાયાના ૧૦ કેસો મળી કુલ ૧૪ કેસોમાં પોલીસે કડક કાર્યવાહી કરી છે.

જૂની અદાવતનું સમાધાન કરવાના બહાને બોલાવી તૂટી પડ્યા

યુવકો પર તલવાર-છરીથી હુમલો

બે યુવક ઘવાયા: અંકુર મેઇન રોડ પર નકળંગ પાનની દુકાન પાસે લોહિયાળ ખેલ ખેલાયો: કારમાં પણ તોડફોડ: ત્રણ શખ્સો સામે માલવીયાનગર પોલીસમાં ગુનો નોંધાયો

રાજકોટ તા. ૧૮

શહેરના અંકુર મેઇન રોડ પર જૂની માથાકૂટને કારણે સમાધાન કરવા ભેગા થવાના બહાને જૂથ અથડામણ અને લોહિયાળ હુમલાનો બનાવ સામે આવ્યો છે. નિર્મલા રોડ પર રઘુકુલ મકાનમાં રહેતા અને અંકુર મેઇન રોડ પર દેવ ફેબ્રિકેશન નામે ધંધો કરતા દિલજીતસિંહ ભરતસિંહ ગોહિલ (ઉ.વ. ૩૭) તથા તેમના મિત્ર સંદીપસિંહ સોલંકી પર જૂની અદાવતમાં ત્રિપુટીએ અચાનક હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ મિર્ચી સ્પ્રે છાંટી, તલવાર અને છરી જેવાં ધારદાર હથિયારો વડે બંને મિત્રોને શરીરના વિવિધ ભાગોમાં આડેધડ ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત હુમલાખોરોએ ફરિયાદીની કારમાં પણ તોડફોડ કરી મોટું નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટના બાદ બંને લોહીલુહાણ ઈજાગ્રસ્તોને દોશી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતવાર માહિતી અનુસાર, દિલજીતસિંહ ગોહિલને આશરે એક વર્ષ પહેલાં હિરેન ઉર્ફે હેરી પરમાર સાથે ઝઘડો થયો હતો, જે બાબતે બંને વચ્ચે મનદુઃખ ચાલતું હતું. આ અગાઉ બંને વચ્ચે સમાધાન અંગેની વાતચીત થઈ હોય, આજે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં દિલજીતસિંહ ગોહિલ પોતાના મિત્ર સંદીપસિંહ રણજીતસિંહ સોલંકી તથા



વિક્રમભાઈ હેમંતલાલ મોદી સાથે પોતાની આઈ ટ્વેન્ટી ૨૦ કાર નંબર જીજે-૩૬-એઈ-૯૦૭૨ લઈને અંકુર નગર મેઇન રોડ પર આવેલી નકળંગ ડીલક્ષ પાનની દુકાને ગયા હતા. ત્યાં તેમણે પાનની દુકાનવાળા અમિતભાઈ મારફતે હિરેન પરમારને ફોન કરાવી સમાધાન માટે બોલાવ્યો હતો. હિરેને "હું થોડીવારમાં આવું છું" તેમ જણાવતાં ત્રણેય મિત્રો કારમાં બેસીને તેની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન સની પરમાર અને એક અજાણ્યો માણસ એક્સેસ જેવા વાહન પર ત્યાં આવી પહોંચ્યા હતા.

કારમાં બેસીને રાહ જોઈ રહેલા યુવકો કંઈ સમજે તે પહેલાં જ હિરેન પરમાર તલવાર સાથે, સની પરમાર છરી સાથે અને તેમની સાથેનો અજાણ્યો માણસ આવી પહોંચ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. સની પરમારે કારનો દરવાજો ખોલી અંદર બેઠેલા દિલજીતસિંહ અને મિત્રો પર મિર્ચી સ્પ્રે છાંટ્યો હતો અને સંદીપસિંહ પર છરી વડે હુમલો કરી દીધો હતો. ત્યારબાદ હિરેન પરમારે અને તેના સાગરીતોએ તલવાર તથા છરી વડે કારના કાચ પર આડેધડ ઘા મારી તોડફોડ કરી હતી. આટલેથી ન અટકતાં હિરેન પરમારે કારની બાજુનો દરવાજો ખોલી દિલજીતસિંહ પર તલવારના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. આ હુમલામાં દિલજીતસિંહને ડાબા હાથની આંગળીઓમાં, પીઠના ભાગે, ડાબા હાથના બાવડા પાસે તથા ડાબા પગના સાથળમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે સંદીપસિંહને કાંડા પર, ટચલી આંગળી પાસે તથા પગમાં વાગ્યું હતું.

હુમલાના પગલે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને બંને મિત્રો લોહીલુહાણ થઈ જતાં તેમને તુરંત જ સારવાર અર્થે રાજકોટની દોશી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા મુજબ, સંદીપસિંહને ડાબા હાથની ટચલી આંગળીમાં તથા જમણા પગમાં ગોઠણથી નીચેના ભાગમાં ફેક્ચર થયું છે, જ્યારે દિલજીતસિંહને પણ ડાબા હાથની બીજી અને ત્રીજી આંગળીમાં ફેક્ચર તેમજ પીઠના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. તબીબોના જણાવ્યા અનુસાર બંને દર્દીઓની હાલ સારવાર ચાલી રહી છે અને બંનેને ઓપરેશન કરાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.

હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ફરિયાદી દિલજીતસિંહ ગોહિલનું નિવેદન નોંધી એ.વી. ચાવડા દ્વારા કાયદેસરની ગુનાહિત ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે હિરેન ઉર્ફે હેરી પરમાર, સની પરમાર અને એક અજાણ્યા શખ્સ સામે રસ્તામાં આંતરી મિર્ચી સ્પ્રે છાંટવા, તીક્ષ્ણ હથિયારોથી પ્રાણઘાતક હુમલો કરી ફેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડવા, ગાડીમાં તોડફોડ કરી નુકસાન કરવા, ભૂંડી ગાળો આપવા તેમજ રાજકોટ પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના એંસી ફૂટ રોડ પર બબાલ: સામસામે દાખલ થઈ ફરિયાદ

ચીઠ્ઠી લઈ લેજે અને કોલ કરજે...વેપારીએ કરી છેડતી!

પરિણીતાને આતરી પજવણી કરી માથે જતા કોઈને કહીશ તો બધાને પતાવી દઈશ એવી ધમકી દીધી: વેપારીની પણ થઈ ધોલધપાટ: દુકાનમાંથી બહાર ખેંચી પાઇપ-સળિયાથી માર માર્યાનો આક્ષેપ

રાજકોટ તા. ૧૮

શહેરના ૮૦ ફીટ રોડ પર આવેલા ન્યુ નહેરૂનગર, શ્યામપાર્ક-૨ વિસ્તારમાં બપોરના સમયે છેડતી અને અગાઉની બોલાચાલીને કારણે બે જૂથ વચ્ચે સામસામે મારામારી અને ધીંગાણાનો બનાવ બનવા પામ્યો છે. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં બંને પક્ષે સામસામે ગુના દાખલ કરવામાં આવ્યા છે. દુકાનદારે શાક લેવા જી રહેલી મહિલાને આંતરી નમ્બરની ચિઠ્ઠી નાખી છે, લઈ લેજે અને કોલ કરજે કહી છેડતી કરતાં તેના પર હુમલો થયો હતો.

વિગતો જોઈએ તો મહિલા ફરિયાદી દ્વારા નોંધાવવામાં આવેલી વિગતો મુજબ બપોરે આશરે બારેક વાગ્યાના સુમારે તેઓ પોતાનું એક્ટિવા લઈને શાકભાજી લેવા જઈ રહ્યા હતા. ત્યારે તેમના ઘરની નીચે 'શીતળ ફૂટવેર' નામે દુકાન ધરાવતા પરેશભાઈ ભવાનભાઈ પનારાએ બાઈક પર પાછળ આવી અચાનક બ્રેક મારી તેમને ગભરાવી દીધા હતા. ત્યારબાદ ચાલુ બાઈકે "નંબરની ચીઠ્ઠી ત્યાં નાખી છે, લઈ લેજે અને કોલ કરજે, કોઈને કહીશ તો બધાને પતાવી દઈશ" તેવી ધમકી આપી હતી.

આ બનાવ અંગે મહિલાએ ઘરે આવી સાસુ સરોજબેનને વાત કરતા બંને પરેશભાઈની દુકાને ઠપકો આપવા ગયા હતા. આ સમયે શેરીની અન્ય મહિલાઓ પણ એકઠી થઈ ગઈ હતી અને તેમણે પણ પરેશભાઈ અવારનવાર ખરાબ ઈશારા કરી ગેરવર્તન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

બોલાચાલી દરમિયાન મહિલાના નણદોય યશ શામજીભાઈ શેખડા તથા કારીગર કિશન પીઠીયા ત્યાં આવી પહોંચ્યા હતા. તે વખતે પરેશભાઈએ હાથમાં લોખંડનો પાઇપ લઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેમને પકડવા જતાં પરેશભાઈએ યશભાઈના પગમાં લોખંડના પાઇપનો એક ઘા મારી દીધો હતો, જેથી તેઓ નીચે પડી ગયા હતા. બાદમાં આગળ જતાં પરેશભાઈ પોતે પડી ગયા હતા અને તેમને પકડવા ગયેલા કારીગર કિશન પીઠીયાને ઢીકાપાટુનો માર



માર્યો હતો. આ હુમલામાં યશભાઈને જમણા પગમાં તથા કિશનને શરીરે મૂંઢ ઈજાઓ પહોંચી હતી. પોલીસે મહિલાની ફરિયાદના આધારે પરેશ પનારા વિરુદ્ધ છેડતી, ધમકી અને હુમલા અંગેનો ગુનો નોંધ્યો છે.

સામા પક્ષે પરેશભાઈ ભવાનભાઈ પનારા (ઉ.વ. ૫૩, રહે. વિશ્વનગર, મવડી મેઈન રોડ) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ૮૦ ફીટ રોડ પર આવેલી પોતાની શીતળ ફૂટવેરની દુકાને હાજર હતા. તે વખતે તેમની દુકાનની ઉપરના માળે રહેતા સરોજબેન, તેમના પુત્રની પત્ની તથા અન્ય મહિલાઓ આવી હતી અને "તમે ચશ્મા પહેરીને દુકાન પાસે ઉભા રહો છો અને કચરાગાડીમાં કચરો નાખવા આવો છો" તેમ કહી તકરાર કરવા લાગી હતી.

આ દરમિયાન પરેશભાઈના બંને પુત્રો ભાવિન અને નિતુલ ત્યાં આવી પહોંચ્યા હતા. તેવામાં સરોજબેનના પુત્ર જયદીપભાઈના પાર્ટનર તથા અન્ય બે અજાણ્યા શખ્સો હાથમાં લોખંડના પાઇપ અને સળિયા સાથે ધસી આવ્યા હતા. તેમણે ગાળો આપી, ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી પરેશભાઈના પુત્રોને નીચે પછાડી દીધા હતા અને પરેશભાઈને દુકાનમાંથી બહાર ઢસડીને લોખંડના પાઇપ તથા સળિયા વડે આડેધડ માર માર્યો હતો.

બનાવ બાદ પુત્ર નિતુલ પરેશભાઈને સામેની દુકાને લઈ જતો હતો ત્યારે ત્યાં જયદેવભાઈ શેખડા આવી ગયા હતા અને આ તમામ લોકોએ ભેગા મળી પરેશભાઈને ફરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં પરેશભાઈને જમણા હાથના અંગૂઠા પાસે તથા શરીરે મૂંઢ ઈજાઓ થઈ હતી.

પરેશભાઈના જણાવ્યા મુજબ, અગાઉ દુકાનમાં ઉપરથી પાણી ટપકવા બાબતે તેમજ ગાડી પાર્ક કરવા બાબતે જયદીપભાઈ સાથે તકરાર થઈ હોય, જેનું મનદુઃખ રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે પરેશભાઈ પનારાની ફરિયાદના આધારે જયદેવભાઈ શેખડા તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

આ સમગ્ર મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.એલ. રાઠોડ દ્વારા બંને પક્ષોની વિધિવત ફરિયાદો નોંધી આગળની કાયદેસરની તપાસ ચલાવવામાં આવી રહી છે.


RMC શાસકોની ધીમી કામગીરી અને કાગળ પર ચાલતા ઘોડાથી ભારે રોષ

તંત્રની ઘોર લાપરવાહી : ઘરનું સપનું ધૂળધાણી!

૩૦૦૦થી વધુ આવાસો બનીને તૈયાર છતાં લાભાર્થીઓ ઘરવિહોણા : મકાનો ધૂળ ખાય છે અને ગરીબો ભાડાના મકાનમાં પીસાય છે!

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર આપવાના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. મનપાના પાપે આજે હજારો પરિવારો પોતાના જ હકના મકાન માટે વલખાં મારી રહ્યા છે. સ્થિતિ એવી છે કે કરોડો રૂપિયાના ખર્ચે અનેક સ્કીમોમાં મકાનો બનીને તૈયાર છે અથવા તો ફોર્મ ભરાઈ ગયા છે, છતાં વહીવટી ખાડાધૂંચ અને કાગળની લાલફીતશાહીના કારણે લાભાર્થીઓને કબ્જો સોંપવામાં આવતો નથી. તંત્રના જ આંકડાઓ બોલે છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી ગૃહ યોજના, ઈજ્જડ તેમજ સફાઈ કામદાર આવાસ યોજના સહિત કુલ ૩૩ આવાસ યોજનાઓમાં ૩૦૩૯ જેટલા આવાસોની સોંપણી હજુ સુધી અટકેલી પડેલી છે. એક તરફ ગરીબ પરિવારો મોંઘા ભાડા ભરીને ઝૂંપડામાં કે ભાડાના મકાનમાં દિવસો વિતાવી રહ્યા છે, તો બીજી તરફ તંત્રની અણઘડ નીતિના કારણે પાલિકાના ચોપડે માત્ર મીટિંગો અને ડ્રોની તારીખો જ બદલાઈ રહી છે.



દસ્તાવેજી વિગતો મુજબ અનટેનેબલ આવાસોમાંથી ૧૫૩૮ પૈકી માત્ર ૧૩૪ આવાસોનો જ ડ્રો કરવામાં આવ્યો છે. બાકી રહેતા ૫૫૦ આવાસોનો ડ્રો ટૂંક સમયમાં થશે તેવી ગોણ વાતો થઈ રહી છે, જ્યારે બીજી તરફ બાકીના આવાસો માટે જંગલેશ્વર, લલુડીવોકળી, ભગવતીપરા અને અન્ય સ્લમ વિસ્તારોના લાભાર્થીઓને ડોક્યુમેન્ટ્સ જમા કરાવવાના નામે કેમ્પના ચક્કરમાં રઝળાવવામાં આવી રહ્યા છે. જો સમયસર કાગળો રજૂ ન થાય તો તેને ટેનેબલ કેટેગરીમાં ફેરવી દેવાની ધમકીઓ અપાઈ રહી છે. વળી, ૧૦૮૦ આવાસોના ફોર્મ બહાર પાડી દીધા પછી તેના ડ્રો માટે નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર (ગઈઈ) સાથે સંકલન ચાલુ હોવાનું બહાનું ધરીને પ્રક્રિયા લાંબી ખેંચવામાં આવી રહી છે. આ ઉપરાંત, વેઈટિંગમાં રહેલા લાભાર્થીઓને સોંપવાની કામગીરી પણ કાગળ પર જ સક્રિય હોય તેવું લાગી રહ્યું છે, જ્યારે ૨૨૪ આવાસો એવા છે કે જ્યાં વેટિંગ યાદી જ નથી અને ૩૩ આવાસોમાં રેનોવેશનની જરૂરિયાત છે, જેના કારણે નવા ફોર્મ બહાર પાડવાનું ઠેલવાઈ રહ્યું છે. સૌથી શરમજનક બાબત તો એ છે કે સફાઈ કામદારો માટે ફાળવેલા ૧૩૮ આવાસો પણ ખાલી પડ્યા છે, કારણ કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા તરફથી પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી મોકલવામાં જ વિલંબ થઈ રહ્યો છે.

જ્યારે બીજી બાજુ પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને ૩૦,૦૦૦ આવાસો બનાવવાનો મોટો ટાર્ગેટ આપવામાં આવ્યો છે, ત્યારે તેની પ્રગતિની હાલત પણ અત્યંત ચિંતાજનક છે. અત્યાર સુધીમાં માત્ર ૧૩,૮૨૮ આવાસોના જ ડી.પી.આર. સરકારશ્રીમાં રજૂ થયા છે, જેમાંથી હજુ ૧૨,૧૭૨ આવાસોના ડી.પી.આર. ડિસેમ્બર સુધી તબક્કાવાર રજૂ થવાના બાકી છે. હાલમાં ચાલુ રહેલી બે જ મુખ્ય યોજનાઓની વાત કરીએ તો, પી.પી.પી. હિંગળાજનગર-૨ યોજનાની કામગીરી ભારે વિલંબમાં મુકાઈ છે, જ્યાં ૩૩૭ પૈકી માત્ર ૨૬૭ ટ્રાઈપાર્ટી એગ્રીમેન્ટ થયા છે અને બાકીના લાભાર્થીઓની હિયરિંગ પ્રક્રિયા પૂરી થઈ હોવા છતાં સ્થાનિકે ખાલી રહેલા આવાસો ટૂંક સમયમાં છૂટા કરવાનું કહેવાઈ રહ્યું છે. આ જ યોજનાની એસ.આર.એસ. કામગીરી છેક માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂરી થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ગરીબોને ઘર માટે હજુ કેટલા વર્ષ રાહ જોવી પડશે. અરવિંદ મણિયાર ક્વાર્ટર્સ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં પણ ૨૮૪ આવાસોનું કામ ૮૦ ટકા જ પૂરું થયું છે અને તે નવેમ્બરના અંત સુધીમાં પૂરું થવાની આશા છે, જેમાંથી ૬૬ આવાસો મનપાને પ્રીમિયમ રૂપે મળવાના છે. આમ, એક તરફ કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ કાગળ પર દોડી રહ્યા છે અને બીજી તરફ તંત્રની અસંવેદનશીલતાના કારણે ગરીબોના ઘરનું ઘર મેળવવાનું સ્વપન માત્ર કાગળની સ્યાહી બનીને રહી ગયું છે.

અનટેનેબલ આવાસ યોજના હેઠળ ૧,૫૩૮ ખાલી ક્વાર્ટર

શહીદ રાજગુરુ અને વીર તાત્યા ટોપે ટાઉનશિપમાં ફાળવણી પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. ડ્રખઅઢ–અનટેનેબલ કેટેગરી હેઠળ કુલ ૧,૫૩૮ આવાસો ખાલી છે જેમાં વીર તાત્યા ટોપે ટાઉનશિપ (સ્માર્ટઘર ૪) માં ૮૦ ફૂટ રોડ, સોરઠીયા વાડી સર્કલ પાસેના ૧૩૪ ખાલી આવાસોનો ડ્રો કરવામાં આવ્યો છે. શહીદ રાજગુરુ ટાઉનશિપ (સ્માર્ટઘર ૬)માં ભગવતીપરા મેઈન રોડ પાસે ૧,૪૦૪ આવાસો ખાલી છે. જેમાંથી ૫૫૦ આવાસોનો ડ્રો ટૂંક સમયમાં યોજાશે. બાકી રહેતા ૮૫૪ આવાસો માટે પ્રોજેક્ટ અફેક્ટેડ પર્સન (ડ્રઅડ) જેવા કે જંગલેશ્વર, લલુડી ઓડી, ભગવતીપરા અને અન્ય સ્લમ વિસ્તારના લાભાર્થીઓને ડોક્યુમેન્ટ્સ રજૂ કર્યા બાદ નિયમાનુસાર ફાળવણી કરવામાં આવશે.

૬૩૨ આવાસો માટે ટૂંક સમયમાં નવો 'ડ્રો' અને ફોર્મ વિતરણ

સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ પેડક રોડ (૧૨૦ આવાસો) અને જામનગર રોડ (૧૮ આવાસો) મળીને કુલ ૧૩૮ આવાસો માટે લાભાર્થીઓની યાદી ભરાઈ ગયા બાદ ડ્રો કરી ફાળવણી કરવામાં આવશે. જેમાં શ્રી રામ ટાઉનશિપ, સીતાજી ટાઉનશિપ અને લક્ષ્મણ ટાઉનશિપના કુલ ૬૬ આવાસો માટે ફોર્મ બહાર પાડવાની તજવીજ ચાલી રહી છે. લક્ષ્મણરાવ ઈનામદાર, વિષ્ણુભાઈ પારેખ, સુદામા અને કૃષ્ણ ટાઉનશિપના ૧૪ આવાસો ના ફોર્મ બહાર પડશે. પોપટપરા ખાતે રી-ટેન્ડરિંગ પ્રક્રિયા હેઠળ ૭૨ આવાસોના ફોર્મ બહાર પડશે.

દંડકીય કાર્યવાહી કરવાને બદલે કામચોર એજન્સીઓને છાવરતું તંત્રઃ શું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે અંદરખાને મિલીભગત ચાલે છે?

મનપાની નફ્ફટાઈ : કોન્ટ્રાક્ટરો પર માત્ર 'નોટિસોની મહેરબાની'

બ્લેકલિસ્ટ કરવાને બદલે મુદત વધારાની લહાણી! : કામ અધૂરું મૂકનારા ૩ કોન્ટ્રાક્ટરોને ૪-૪ મહિના અને મેટલિંગના કોન્ટ્રાક્ટરને ૩ મહિનાનો સામે ચાલીને મુદત વધારો આપી દેવાયો!

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી અને વિકાસના દાવાઓ વચ્ચે તંત્રની બેદરકારી અને નફ્ફટાઈનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. મનપા દ્વારા શહેરમાં ઝોનલ વોટર વર્ક્સ, નવી પાઈપલાઈન લેઈંગ તેમજ વિવિધ રસ્તાઓના કામો માટે કરોડો રૂપિયાના ટેન્ડરો મંજૂર કરીને કોન્ટ્રાક્ટરોની નિમણૂંકો તો કરી દેવામાં આવી છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ સફવફક્ષશ કહી રહી છે. સમયસર કામ પૂરું ન કરનાર કે ધારાધોરણો મુજબ કામ ન કરનાર એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરીને બ્લેકલિસ્ટ કરવાને બદલે મનપાનું તંત્ર માત્ર કાગળ પર નોટિસો ફટકારીને સંતોષ માની રહ્યું છે, એટલું જ નહીં પરંતુ સમયમર્યાદા ચૂકનારાઓને મહિનાઓનો મુદત વધારો પણ આપી દેવામાં આવી રહ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝોનલ વોટર વર્ક્સ તથા નવી પાઈપ લાઈનના લેઈંગ કામો માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને હાલ કુલ ૨૬ કોન્ટ્રાક્ટરોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં ઝોનલ વોટર વર્ક્સ કામ માટે ૧૮ વોર્ડમાં કુલ ૧૮ કોન્ટ્રાક્ટરો કાર્યરત છે, જ્યારે વોટર વર્ક્સ નવી પાઈપ લાઈનના ટેન્ડર કામો માટે સેન્ટ્રલ ઝોનમાં ૩, વેસ્ટ ઝોનમાં ૪ અને ઈસ્ટ ઝોનમાં ૧ કોન્ટ્રાક્ટરની નિમણૂંક કરાઈ છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ ૨૬ કોન્ટ્રાક્ટરોમાંથી કામમાં બેદરકારી દાખવનાર એજન્સીઓ સામે તંત્ર દ્વારા માત્ર નોટિસો આપીને ખાંડના ડૂચા કાઢવા જેવો ઘાટ ઘડવામાં આવ્યો છે. ખાસ કરીને વેસ્ટ ઝોનમાં વોટર વર્ક્સ ટેન્ડર કામો અંતર્ગત વોર્ડ નં. ૮ માં કામ કરતી બેકબોન કન્સ્ટ્રક્શનને ૪ નોટિસો આપવામાં આવી છે, જ્યારે વોર્ડ નં. ૧૧ માં કામ કરતી હાઈબોન્ડ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડને તો વળી એક-બે નહીં પરંતુ પૂરી ૮ નોટિસો ફટકારવામાં આવી છે. સવાલ એ થાય છે કે જે એજન્સીઓને વારંવાર નોટિસો આપવી પડે છે, તેમ છતાં તેમની પાસેથી કામ કઢાવવામાં તંત્ર કેમ નિષ્ફળ ગયું છે અને તેમને બ્લેકલિસ્ટ કેમ કરવામાં આવતી નથી? શું તંત્ર અને આ કોન્ટ્રાક્ટરો વચ્ચે કોઈ અંદરખાને મિલીભગત ચાલી રહી છે?

ઘણા ખરા કિસ્સામાં મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટરોને સમય મર્યાદા પૂર્ણ થઈ જવા છતાં પણ વધુ સમય આપી રહ્યા છે. જે અંગે અનેક વખત આક્ષેપો પણ થયા છે અને સામે મહાનગરપાલિકાને પણ આર્થિક બોજનો સામનો કરવો પડી રહ્યો છે. ઈસ્ટ ઝોનમાં ડામર રસ્તાના ૩ કોન્ટ્રાક્ટરોને ૪-૪ માસનો અને વેસ્ટ ઝોનના મેટલિંગ રસ્તાના ૧ કોન્ટ્રાક્ટરને ૩ માસનો મુદત વધારો આપી દેવાયો! મુદત પૂરી થવા છતાં કામ ન કરનારાઓને દંડ કરવાને બદલે તંત્ર સામે ચાલીને સમય આપી રહ્યું છે.



રસ્તાના કામોમાં કોન્ટ્રાક્ટરોની મનમાની દંડ કરવાને બદલે મુદત વધારાની ભેટ

વોટર વર્ક્સની જેમ જ રસ્તાના કામોની સ્થિતિ પણ દયનીય છે. મનપા દ્વારા ઝોનલ રસ્તા કામો, ડામર રસ્તા કામો, મેટલિંગ રસ્તા કામો તથા સી.સી. રોડના કામો માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી હાલ અલગ-અલગ રસ્તા કામો માટે કુલ ૩૩ કોન્ટ્રાક્ટરોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં ઝોનલ રસ્તા કામ માટે ૧૮ વોર્ડમાં ૧૮ કોન્ટ્રાક્ટર, ડામર રસ્તા કામ માટે સેન્ટ્રલ ઝોનમાં ૧, ઈસ્ટ ઝોનમાં ૫ અને વેસ્ટ ઝોનમાં ૪ કોન્ટ્રાક્ટર, મેટલિંગ રસ્તા ટેન્ડર કામો માટે વેસ્ટ ઝોનમાં ૨ અને ઈસ્ટ ઝોનમાં ૨ કોન્ટ્રાક્ટર તથા સી.સી. રોડ કામ માટે ઈસ્ટ ઝોનમાં ૧ કોન્ટ્રાક્ટરની નિમણૂંક કરાઈ છે. આ ૩૩ કોન્ટ્રાક્ટરો પૈકી ઈસ્ટ ઝોનના ડામર રસ્તા કામના ૩ કોન્ટ્રાક્ટરોને ૪-૪ માસનો તેમજ વેસ્ટ ઝોન મેટલિંગ રસ્તા કામના ૧ કોન્ટ્રાક્ટરની મુદત પૂરી થવાથી તેને ૩ માસનો મુદત વધારો આપવામાં આવ્યો છે. નિયમ મુજબ કામ સમયસર પૂરું ન કરનાર કોન્ટ્રાક્ટર સામે દંડકીય કાર્યવાહી થવી જોઈએ, તેના બદલે તંત્ર સામે ચાલીને તેમને મહિનાઓનો મુદત વધારો આપી રહ્યું છે જે તંત્રની પોલ ખોલે છે. એટલું જ નહીં, ઝોનલ રસ્તા કામ કરતી વોર્ડ નં. ૧૦ ની કોન્ટ્રાક્ટર જે. કે. કન્સ્ટ્રક્શનને ૧ નોટિસ આપવામાં આવી છે, જ્યારે ડામર રસ્તા કામના કોન્ટ્રાક્ટર ક્લાસિક નેટવર્કને વેસ્ટ ઝોન-૧૧ તથા સેન્ટ્રલ ઝોનમાં-૨ નોટિસો ફટકારવામાં આવી છે.

જનતાના ટેક્સના પૈસાનું આડેધડ વેડફાટ

શહેરીજનો અસહ્ય ટ્રાફિક, ખાડા અને અધૂરા વિકાસકામોથી ત્રસ્ત છે, ત્યારે મનપાના અધિકારીઓની આ નફ્ફટાઈ અને અણઘડ વહીવટના કારણે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે. નોટિસો આપવાની માત્ર ઔપચારિકતા પૂરી કરીને કોન્ટ્રાક્ટરોને છાવરવામાં આવી રહ્યા છે ત્યારે મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ આ મામલે ક્યારે ઘોડા છૂટ્યા પછી તબેલે તાળા મારવાની નીતિ છોડીને કડક અને દાખલારૂપ પગલાં ભરશે તે એક મોટો સવાલ છે.

તંત્રની કાગળ પરની 'મહેરબાની'?

કરોડોની મિલકતોનું પાણીના ભાવે દાન?!

મનપાના પ્રાઈમ લોકેશનના શોપિંગ સેન્ટરોના ભાડા મહિને રૂપિયા ૩ થી ૧૫ : નામમાત્ર ભાડાં વસૂલી પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ કે બીજું કાંઈ ...?

રાજકોટ, તા. ૧૮

એક તરફ રાજકોટ મહાનગરપાલિકા (છખઈ) સામાન્ય નાગરિકો અને કરદાતાઓ પાસેથી પ્રોપર્ટી ટેક્સ, પ્રોફેશનલ ટેક્સ કે પાણીવેરાની કડક વસૂલાત કરવા માટે એડીચોટીનું જોર લગાવે છે, સામાન્ય નાગરિકોના થોડા રૂપિયા બાકી હોય તો પણ નળ કનેક્શન કાપી નાખવા કે મિલકત સીલ કરવા સુધીની લાલ આંખ કરે છે; પરંતુ બીજી તરફ, તંત્રની પોતાની જ નાક નીચે શહેરી વિસ્તારના સૌથી પોશ અને પ્રાઈમ ગણાતા લોકેશનો પર આવેલી કરોડો રૂપિયાની કિંમતી દુકાનો અને શોપિંગ સેન્ટરોના કિસ્સામાં ઘોર બેદરકારી અને અન્યાયી વહીવટ ખુલ્લો પડ્યો છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના મધ્યમાં આવેલાં અનેક શોપિંગ સેન્ટરો વેપારીઓને માત્ર 'પાણીના મૂલે' ફાળવી દઈને વર્ષોથી કરોડો રૂપિયાની સરકારી આવકનું ધોવાણ કરવામાં આવી રહ્યું હોવાનું સત્તાવાર આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

રાજકોટ મહાનગરપાલિકાના 'ભાડેથી આપેલ શોપિંગ સેન્ટર'ના સત્તાવાર દસ્તાવેજી પત્રકો પર નજર કરીએ તો તંત્રની નિદ્રાધીન અવસ્થા અને લાલિયાવાડીનો ભાંડો ફૂટે છે. આજની આસમાને પહોંચેલી મોંઘવારી, કાળઝાળ મોંઘવારી અને રિયલ એસ્ટેટના રેકોર્ડબ્રેક ભાવો વચ્ચે પણ છખઈ દ્વારા હજુ સુધી જૂના અને પુરાણા કરારો મુજબ દુકાનદીઠ મહિને માત્ર રૂ. ૩, રૂ. ૫, રૂ. ૮ કે રૂ. ૧૧ જેવા હાસ્યાસ્પદ અને મજાક સમાન ભાડાં વસૂલવામાં આવી રહ્યા છે! ઉદાહરણ તરીકે, જ્યુબેલી પાસે આવેલા મહાત્મા ગાંધી શોપિંગ સેન્ટરની ૪૮ દુકાનોનું માસિક ભાડું માત્ર રૂ. ૩.૦૩ થી રૂ. ૩.૮૫ (વાર્ષિક રૂ. ૧,૩૩,૮૩૬) છે, તો રેસકોર્સ રિંગ રોડ પર ગેલેક્સી સિનેમા સામેની ૧૩ દુકાનોનું ભાડું માત્ર રૂ. ૪૦૦ થી રૂ. ૮૦૦ ચાલે છે. તેવી જ રીતે, સદર બજારમાં મીટ માર્કેટની ૧૩ દુકાનોનું માસિક ભાડું તો માત્ર રૂ. ૬ થી રૂ. ૧૨ ની વચ્ચે જ સિમિત છે!



જ્યુબેલી શાકમાર્કેટ સામે આવેલા શ્રી ગુમાનસિંહજી શોપિંગ સેન્ટરની ૮૮ દુકાનોનું ભાડું માત્ર રૂ. ૮૩ થી રૂ. ૩૩૨ છે, જ્યારે કેસરી હિન્દ શોપિંગ સેન્ટર (વિભાગ-૬ ઈ) ની ૪૪ દુકાનોનું ભાડું પણ માત્ર રૂ. ૧૪૪ થી રૂ. ૩૫૦ ની વચ્ચે વસૂલાય છે. કોઠારીયા નાકા પાસે કમલા નેહરુ શોપિંગ સેન્ટરની ૪૫ દુકાનો માટે માસિક ભાડું માત્ર રૂ. ૬૦ થી રૂ. ૫૫૦ જ છે, અને કેનાલ રોડ પર ધન્વંતરી મંદિર સામેની ૧૨ દુકાનોનું ભાડું માત્ર રૂ. ૧૧ થી રૂ. ૪૫૦ વસૂલાય છે.

જ્યાં એકબાજુ સામાન્ય નાગરિકો માટે બજારમાં એક ચાનો કપ પણ દસ-વીસ રૂપિયાનો મળે છે, ત્યાં મહાપાલિકા જેવી સક્ષમ સંસ્થા પોતાની સો કરોડથી વધુ કિંમતની પ્રાઈમ પ્રોપર્ટીઝનું માસિક ભાડું માત્ર આટલી નજીવી રકમ પેટે વસૂલે તે અત્યંત ગંભીર તપાસનો વિષય છે. આ ડેટા પાછળનો સૌથી મોટો કાળો પર્દાફાશ એ છે કે, મહાપાલિકા પાસેથી આ પ્રકારે નામમાત્રના ભાડે (રૂ. ૧૦ થી રૂ. ૫૦૦ માં) દુકાનો મેળવનારા મૂળ ભાડૂતો દ્વારા પાછળથી અન્ય વેપારીઓને આ જ દુકાનો મહિનાના હજારો-લાખો રૂપિયાના ભાડા પર 'સબ-લેટ' (પેટા ભાડે) આપી દેવામાં આવી છે અને તેના દ્વારા મસમોટી કાળા નાણાંની કમાણી કરવામાં આવી રહી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

વર્ષો જૂના કરારોની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં કે નવી જંત્રી તથા વર્તમાન બજારભાવ મુજબ રિવાઇઝ્ડ ભાડાં નક્કી ન કરીને તંત્ર કોના હિતોને સાચવી રહ્યું છે? પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાની આવક કરાવવાને બદલે મનપાના સત્તાધીશો અને અધિકારીઓ શા માટે કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા છે તે એક મોટો સવાલ છે. જો તંત્ર દ્વારા આ તમામ શોપિંગ સેન્ટરોની મિલકતોનું તાત્કાલિક ધોરણે નવેસરથી મૂલ્યાંકન કરીને યોગ્ય નીતિ ઘડવામાં આવે અથવા જાહેરમાં હરાજી કરવામાં આવે તો મહાપાલિકાની તિજોરીમાં વાર્ષિક કરોડો રૂપિયાની જંગી આવક ઉમેરાઈ શકે તેમ છે, પરંતુ તંત્રની આ ઉદાસીનતા પાછળનું રહસ્ય હવે જનતા સમક્ષ ખુલ્લું પડી ચૂક્યું છે.